પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૫૪ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૬-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાને નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યુ

## પુસ્તકો જ્વાળાઓમાં બળી શકે છે. પરંતુ જાઓ. જ્વાળાઓ જ્ઞાનનો નાશ કરી શકતી નથી,વડાપ્રધાન નરેન્દ્ર મોદી



પટણા,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બુધવારે કહ્યું હતું કે પુસ્તકોની જ્વાળામાં ભલે બળી જાય, પરંતુ જ્ઞાનને ભૂંસી ન શકાય. વડાપ્રધાન બિહારના રાજગીરમાં આંતરરાષ્ટ્રીય નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસના ઉદ્‌ઘાટન સમારોહમાં લોકોને સંબોધિત કરી રહ્યા હતા. લોકસભા ચૂંટણી બાદ પહેલીવાર બિહાર પહોંચેલા વડાપ્રધાન મોદીએ રાજગીરમાં સ્થિત ઈન્ટરનેશનલ નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર, મુખ્યમંત્રી નીતિશ કુમાર, વિદેશ મંત્રી જયશંકર, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી પણ હાજર હતા.

પીએમ મોદીએ કહ્યું કે આ નવું કેમ્પસ વિશ્વને ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. નાલંદા કહેશે કે જે રાષ્ટ્રો મજબૂત માનવીય મૂલ્યો પર ઊભેલા છે તેઓ જાણે છે કે કેવી રીતે ઈતિહાસને પુનર્જીવિત કરીને સારા ભવિષ્યનો પાયો નાખવો. વડાપ્રધાને કહ્યું કે નાલંદા માત્ર ભારતના ભૂતકાળનું પુનરુજ્જીવન નથી, તેની પાસે વિશ્વ અને એશિયાના ઘણા દેશોનો વારસો છે. પીએમ મોદીએ નાલંદા યુનિવર્સિટીના પુનઃનિર્માણમાં ભાગ લેવા બદલ ભારતના મિત્ર દેશોને અભિનંદન પાઠવ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું, "નાલંદા માત્ર એક નામ નથી. નાલંદા એક ઓળખ છે, એક સન્માન છે. નાલંદા એક મૂલ્ય છે, એક મંત્ર છે, એક ગૌરવ છે, એક વાર્તા છે. નાલંદા એ સત્યની ઘોષણા છે કે પુસ્તકો જ્વાળાઓમાં બળી શકે છે. પરંતુ જાઓ. જ્વાળાઓ જ્ઞાનનો નાશ કરી શકતી નથી."

તેમણે આશા વ્યક્ત કરી કે નાલંદા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે આવનારા દિવસો મહત્વના રહેશે. વિદ્યાર્થીઓને અપીલ કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ સમાજમાં સકારાત્મક પરિવર્તન માટે કરે. તેમણે કહ્યું, તમારા જ્ઞાનથી સારું ભવિષ્ય બનાવો. નાલંદાનું ગૌરવ એ ભારતનું ગૌરવ છે. તમારું જ્ઞાન સમગ્ર માનવતાને નવી દિશા આપશે. તેમણે કહ્યું, "મને વિશ્વાસ છે કે આપણા યુવાનો આવનારા સમયમાં સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરશે. ભારતને ફરીથી વિશ્વના જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખવામાં આવવી જોઈએ." નાલંદાનો અર્થ સમજાવતા પીએમ મોદીએ કહ્યું કે નાલંદાનો અર્થ એ છે કે જ્યાં શિક્ષણ અને જ્ઞાનનો અવિરત પ્રવાહ હોય. શિક્ષણ સીમાઓની બહાર છે. તે નફા અને નુકસાનના પરિપ્રેક્ષ્યની બહાર છે. શિક્ષણ જ આપણને આકાર આપે છે. તેને વિચારો અને આકાર આપે છે. નાલંદામાં બાળકોની નોંધણી તેમની ઓળખ અથવા રાષ્ટ્રીયતાના આધારે કરવામાં આવી ન હતી.તેમણે કહ્યું કે બિહારના લોકો જે રીતે ગૌરવ પાછું લાવવા માટે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યા છે, તે નાલંદા એક પ્રેરણા છે. નાલંદા એક ઓળખ હતી અને જીવનનું કેન્દ્ર હતું.પીએમ મોદીએ કહ્યું કે મારું મિશન છે કે ભારત વિશ્વ માટે શિક્ષણ અભિયાનનું કેન્દ્ર બને.

વડાપ્રધાને કહ્યું કે ભારતમાં યોગની સેંકડો શૈલીઓ અસ્તિત્વમાં છે. આપણા ઋષિમુનિઓએ એટલું વ્યાપક સંશોધન કર્યું કે આજે સમગ્ર વિશ્વ યોગની ઉજવણી કરી રહ્યું છે. આજે આયુર્વેદને સ્વસ્થ જીવનના માર્ગ તરીકે જોવામાં આવે છે. ચાલો આપણે સાથે મળીને પ્રગતિ અને પર્યાવરણ સાથે આગળ વધીએ. ભારતે વિશ્વને મિશન લાઈફ જેવું વિઝન આપ્યું. પીએમએ કહ્યું કે મારું મિશન છે કે ભારત વિશ્વ માટે શિક્ષણ અભિયાનનું કેન્દ્ર બને. ભારતને ફરીથી વિશ્વના જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાવવું જોઈએ. નાલંદામાં બાળકોનો પ્રવેશ તેમની ઓળખ કે રાષ્ટ્રીયતાના આધારે કરવામાં આવતો ન હતો. નાલંદામાં ૨૦ થી વધુ દેશોના લોકોએ અભ્યાસ કર્યો હતો. નાલંદા યુનિવર્સિટી આસિયાન ઈન્ડિયા યુનિવર્સિટી તરફ પણ કામ કરી રહી છે. ૨૧મી સદીને એશિયાની સદી કહેવામાં આવી રહી છે. અમારા સંયુક્ત પ્રયાસો વિશ્વની નવી પ્રગતિને માર્ગદર્શન આપશે.

આ પ્રસંગે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યું કે વડાપ્રધાન પણ અહીં આવીને સારું અનુભવતા હશે. આ ખૂબ જ પૌરાણિક સ્થળ છે. રાજગીર વિશ્વના પાંચ ધર્મોનું સંગમ સ્થાન છે. શીખ ધર્મના ગુરુ નાનકદેવ પણ અહીં આવ્યા હતા. મુસ્લિમ ધર્મના મહાન સંત મખદૂમ સાહેબે રાજગીરમાં જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. હિંદુ ધર્મના માલમાલ મેળાનું આયોજન દર ત્રીજા વર્ષે કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે તે સમયે અહીં ૩૩ કરોડ દેવી-દેવતાઓ નિવાસ કરે છે. અહીં ગરમ પાણીનો કુંડ છે. અહીં લાખો લોકો સ્નાન કરવા આવે છે. હું નાનપણથી અહીં આવું છું. તેમણે પીએમ મોદીને કહ્યું કે તમે આવ્યા છો તે ખૂબ જ સારું છે. તમને ખૂબ સારું લાગશે. લાખો વર્ષ જૂના પહાડો અને જંગલો છે. આમાં જડીબુટ્ટીઓનો ભંડાર છે. એક પછી એક દવા અહીંથી બહાર આવે છે. રાજગીર એટલું મહત્વનું છે. ઈકો ટુરીઝમનો મોટા પાયે વિકાસ થયો છે.

પીએમ મોદીનું સ્વાગત કરતા સીએમ નીતીશ કુમારે કહ્યું કે તમે પહેલીવાર અહીં આવ્યા છો તે ખૂબ જ આનંદની વાત છે. જૂની યુનિવર્સિટીના ખંડેર હજુ પણ અકબંધ છે. નાલંદા યુનિવર્સિટીની ઓળખ જ્ઞાનના કેન્દ્રમાં રહી. પહેલા અહીં ૧૫ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. દેશ અને દુનિયાના અનેક સ્થળોએથી લોકો ભણવા આવતા. ચીન, જાપાન, શ્રીલંકા સહિત અન્ય ઘણા દેશોના લોકો અહીં આવીને અભ્યાસ કરતા હતા. ૧૨મી સદીમાં તેનો નાશ થયો હતો. માર્ચ ૨૦૦૫માં તત્કાલિન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે નાલંદા યુનિવર્સિટીની પુનઃસ્થાપનાની વાત કરી હતી. જોકે તેમણે પછીથી ઈનકાર કર્યો હતો, જ્યારે તેઓ વિધાનસભામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે નાલંદા યુનિવર્સિટીની પુનઃ સ્થાપના થવી જોઈએ. નવી નાલંદા યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય ધોરણની બનાવવી હતી, તેથી અમે કેન્દ્ર સરકાર સાથે વાત કરી પરંતુ તે સમયે મદદ મળી ન હતી. આ પછી અમે નવો કાયદો બનાવ્યો. ત્યારબાદ રાજ્ય સરકારે નવી યુનિવર્સિટી માટે ૪૫૫ એકર જમીન સંપાદિત કરી. આ બધી બાબતો જણાવવી જરૂરી છે. જેથી લોકો જૂની વસ્તુઓ પણ જાણી શકે કે કેવી રીતે બનાવવામાં આવ્યું હતું.

## અયોધ્યા રામ મંદિરમાં ગોળી વાગતાં જવાનનું મોત:આગળથી માથામાં ગોળી વાગી

અયોધ્યા,

અયોધ્યામાં રામ મંદિરની સુરક્ષા માટે તહેનાત એક જવાનનું ગોળી લાગવાથી મોત થયું છે. આ ઘટના બુધવારે સવારે ૫.૨૫ વાગે બની હતી. જવાનનું નામ શત્રુઘ્ન વિશ્વકર્મા હતું અને તેની ઉંમર ૨૫ વર્ષની હતી. સૂત્રોએ જણાવ્યું કે ઘટના સમયે કોટેશ્વર મંદિરની સામે બનાવવામાં આવી રહેલા વીઆઈપી ગેટ પાસે જવાન તહેનાત હતો. રામ મંદિરનો મુખ્ય ભાગ અહીંથી માત્ર ૧૫૦ મીટર દૂર છે.

ઘટના સમયે શત્રુઘ્ન વિશ્વકર્મા પાસે વધુ જવાનો તહેનાત કરવામાં આવ્યા હતા. ગોળી આગળથી જવાનના માથામાં કપાળ પર વાગી હતી. સાથી સુરક્ષા કર્મચારીઓ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા. હાલત ગંભીર બનતા તેને ટ્રોમા સેન્ટરમાં રીફર કરવામાં આવ્યો હતો. ત્યાં ડોક્ટરોએ જવાનને મૃત જાહેર કર્યો હતો.

સૈનિકના મોતથી મંદિર પરિસરમાં ખળભળાટ મચી ગયો હતો. આઈજી અને એસએસપી ઘટનાસ્થળે પહોંચ્યા છે. બનાવ સ્થળે તપાસ કરી હતી. ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી હતી.સામેથી માથામાં ગોળી કેવી રીતે વાગી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. જોકે, પોલીસ અધિકારીઓનું કહેવું છે કે તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ બધું સ્પષ્ટ થશે. સાથીઓએ જણાવ્યું કે ઘટના પહેલા શત્રુઘ્ન મોબાઈલ જોઈ રહ્યો હતો. પોલીસે જવાનના પરિવારને જાણ કરી છે. પરિવારજનો ઘટના સ્થળે પહોંચી ગયા છે.

શત્રુઘ્ન વિશ્વકર્મા ૨૦૧૯ બેચનો હતો. તે આંબેડકર નગરના સન્માનપુર પોલીસ સ્ટેશનના કાજપુરા ગામનો રહેવાસી હતો. એસએસએફમાં પોસ્ટેડ હતો. મંદિરની સુરક્ષા માટે એસએસએફ ફોર્સની રચના કરવામાં આવી છે.

આ વર્ષે ૨૬ માર્ચે રામજન્મભૂમિ સંકુલમાં કમાન્ડો રામ પ્રતાપને છાતીમાં ગોળી વાગી હતી. તે પોતાની છદ્ધ-૪૭ સાફ કરી રહ્યો હતો ત્યારે તેમાંથી ગોળી છુટી હતી. ગોળી ડાબી બાજુએ છાતીમાંથી પસાર થઈ હતી. લખનૌ ટ્રોમા સેન્ટરમાં રીફર કરવામાં આવ્યા. ત્યાં તેમનું મૃત્યુ થયું હતું.

૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રામ જન્મભૂમિ સંકુલના રેડ ઝોનની સુરક્ષા માટે તહેનાત પીએસી જવાન કુલદીપ કુમાર ત્રિપાઠીનું ગોળી વાગવાથી મોત થયું હતું. તપાસ બાદ ખબર પડી કે ગોળી તેની સર્વિસ રાઈફલમાંથી ફાયર કરવામાં આવી હતી. યુવક સિદ્ધાર્થનગરનો રહેવાસી હતો એસએસએફ એટલે કે સ્પેશિયલ સિક્યુરિટી ફોર્સની રચના યોગી સરકાર દ્વારા ચાર વર્ષ પહેલા કરવામાં આવી હતી. એસએસએફ પાસે વોરંટ વિના ધરપકડ કરવાની સત્તા છે.આ ફોર્સને ઘરમાં સર્ચ કરવાનો પાવર સહિત ઘણી અમર્યાદિત અધિકાર છે. આ દળનું નેતૃત્વ એડીજી સ્તરના અધિકારી કરે છે.

સરકારની પરવાનગી વગર એસએસએફ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કોર્ટ પણ દખલ કરી શકે નહીં. આ પ્રકારની સૂચના તેની રચના દરમિયાન જોહેર કરવામાં આવી હતી. આ ફોર્સ મહત્વપૂર્ણ સરકારી ઈમારતો, ઓફિસો અને ઔદ્યોગિક સંસ્થાઓનું રક્ષણ કરે છે. ખાનગી ક્ષેત્ર પણ ચૂકવણી કરીને એસએસએફની સેવાઓ મેળવી શકે છે.

## ગુજરાત સરકારના મંત્રીની તબિયત લથડી, નાસ્તો કરતા સમયે બીપી વધી ગયું



ગાંધીનગર,

રાજ્ય સરકારના મંત્રી ભીખુજી પરમારની તબિયત આજે વહેલી સવારે એકાએક લથડી જતા તેમને યુએન મહેતા હોસ્પિટલમાં લઈ જવાયા હતા. સવારે તેઓ પોતાના ઘરમાં ચા-નાસ્તો કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમનું બ્લડ પ્રેશર વધી ગયું હતું. તેમજ માથામાં દુખાવો ઉપડ્યો હતો. તેથી તેઓને યુએન મહેતામાં ચેકઅપ માટે લઈ જવાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સવારે ગુજરાત રાજ્યના મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી લથડી હતી. છાતીમાં ગભરામણ થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. મંત્રી ભીખુસિંહ પરમાર હાલ સારવાર હેઠળ છે. અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત સ્થિર હોવાની માહિતી મળી છે. ભીખુસિંહ પરમાર રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી છે. એ યાદ રહે કે થોડા સમય પહેલા ગુજરાતના રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાની મતદાન બાદ તબિયત લથડી હતી. રામ મોકરિયા રાજકોટથી અમરેલી જવા નીકળ્યા હતા, તેઓ પરસોત્તમ રૂપાલાને મળવા જવા નીકળ્યા હતા. પરંતુ તે પહેલા જ રામ મોકરિયાની રસ્તામાં તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા. રામ મોકરિયાને આટકોટ કે.ડી પરવાડિયા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

## પેપર લીક કેસમાં પટણામાંથી ૪ ઉમેદવારોની ધરપકડ કરવામાં આવી

પટણા,

ઈકોનોમિક ઓફેન્સીસ યુનિટ નીટ યુજી ૨૦૨૪ પેપર લીક કેસની તપાસ કરી રહી છે. આ કેસમાં પટનામાંથી ચાર ઉમેદવારોની ધરપકડ કરવામાં આવી છે. ૧૮ અને ૧૯ જૂને નવ ઉમેદવારોને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. જેમાં ૭ છોકરીઓનો પણ સમાવેશ થાય છે. નીટ યુજી પરીક્ષા ૫મી મેના રોજ લેવામાં આવી હતી. ૪ જૂને પરિણામ જાહેર થયું હતું. ત્યારથી નીટ યુજી પરીક્ષાને લઈને હોબાળો ચાલી રહ્યો છે. જે ઉમેદવારોની પટનામાંથી ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી અનુરાગ યાદવને ૧૮૫ માર્ક્સ, આયુષ રાજને ૩૦૦ માર્ક્સ, અભિષેકને ૫૮૧ માર્ક્સ અને શિવાનંદન કુમારને નીટ યુજી પરીક્ષામાં ૪૮૩ માર્ક્સ મળ્યા છે.

૯ ઉમેદવારોને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. આ તમામ ઉમેદવારો યુપી, બિહાર અને મહારાષ્ટ્રના છે. પેપર લીક કેસમાં સન્ની, નાગવાડે, પ્રિયા, અલીશા, પ્રવીણ, અમિત કુમારને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે, ઉમેદવારોને ૪ મેના રોજ ગેસ્ટ હાઉસના રૂમ નંબર ૪૦૪માં રોકવામાં આવ્યા હતા. યુનિટે આશંકા વ્યક્ત કરી છે કે, પરીક્ષા પહેલા લગભગ ૩૫ ઉમેદવારોને પેપર મળ્યા હતા. પેપરના બદલામાં ૩૦-૩૦ લાખ રૂપિયા આપવાની વાત પણ સામે આવી છે. તપાસ દરમિયાન પટનામાં ભાડાના મકાનમાંથી એક ડઝન એટીએમ કાર્ડ અને વિવિધ બેંકોની પાસબુક પણ જપ્ત કરવામાં આવી હતી. બિહારમાંથી અત્યાર સુધીમાં ૧૩થી વધુ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

## હિમાલય પર બરફ વર્ષા ઘટતા જળસંકટનો ખતરો ઉભો થશ



નવીદિલ્હી,

હિન્દુ કુશ હિમાલય પર આ વર્ષે બરફ વર્ષામાં રેકોર્ડ ઘટાડો નોંધાતા જળસંકટ વધુ ઘેરૂ બને તેમ છે. એક નવા રીપોર્ટમાં વૈજ્ઞાનિકોએ આ ચેતવણી જાહેર કરી છે. રીપોર્ટ મુજબ જળવાયુ પરિવર્તનના કારણે હિમાલય પર બરફ વર્ષા ઓછી થતા નીચેના વિસ્તારોમાં રહેતા લોકોને પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડશે.

નેપાળ સ્થિત આંતરરાષ્ટ્રીય સંગઠન આંતરરાષ્ટ્રીય એકીકૃત પર્વતીય વિકાસ કેન્દ્રના નિષ્ણાંતોએ જળ વ્યવસ્થાપન અધિકારીઓ પાસેથી અછત અંગેની રણનીતિઓ અને પાણી પુરવઠો જાળવી રાખવાના ઈમરજન્સી ઉપાયો શરૂ કરી દેવા ભલામણ કરી છે.

હિમાલય ક્ષેત્ર પૃથ્વી પર જામેલા પાણી પર ખુબ નિર્ભર છે. જેમાં બરફ, જામેલી ભૂસપાટી, બરફના પહાડ, ઝરણા અને નદીઓ સામેલ છે. આ ક્ષેત્રના લગભગ ૨૪ કરોડ લોકો માટે આ થીજી ગયેલુ પાણી એ તાજા પાણીનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે. નીચાના વિસ્તારમાં ૧૬૫ કરોડ લોકોને લાંબાગાળાનો લાભ થાય છે.

અહીંથી શરૂ થતી ૧૨ મુખ્ય નદીઓ ખીણના પુલ જળપ્રવાહનો ૨૩ ટકા હિસ્સો બને છે. તેનું યોગદાન દરેક નદીએ અલગ અલગ હોય છે. હેલમંદના જળપ્રવાહમાં ૭૭ ટકા અને સિંધુમાં ૪૦ ટકા પાણી બરફ ઓગળવાથી આવે છે.

રીપોર્ટ અનુસાર આ વર્ષ પૂરા વિસ્તારમાં બરફ વર્ષાનું પ્રમાણ પાંચમા ભાગનું થઈ ગયું છે. પશ્ચિમમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. ત્યાં બરફ ઓગળવાથી પાણી પુરવઠા સૌથી વધુ પહોંચે છે. ગંગા બેસીનમાં બરફનું સ્તર સામાન્યથી ૧૭ ટકા ઓછું અને બ્રહ્મપુત્ર બેસીનમાં સામાન્યથી ૧૪.૬ ટકા ઓછું રહ્યું છે. હેલમંદ નદીમાં સૌથી વધુ ૩૧.૮ ટકા ઘટાડો નોંધાયો છે. આ પહેલા સૌથી ઓછું સ્તર ૨૦૧૮માં નોંધાયુ હતું અને ૪૨ ટકાનો ઘટાડો થયો હતો.

નિષ્ણાંતોના કહેવા મુજબ હિન્દુ કુશ હિમાલયમાં બરફનું પ્રમાણ અને હાલમાં ઘટાડો દેખાયો છે. જેમાં છેલ્લા ૨૨ વર્ષથી ૧૩ વર્ષમાં બરફ વર્ષા સામાન્યથી ઓછી નોંધાતા તે ગંભીર ખતરાનો સંકેત છે.

## ૨૧ જૂને આકાશમાં અદ્ભુત નજારો દેખાશે, ૨૧મી જૂનનો દિવસ સૌથી લાંબો હશે



નવીદિલ્હી,

૨૧ જૂને આકાશમાં એક દુર્લભ નજારો જોવા મળશે. આ દિવસ સમગ્ર વિશ્વ માટે સૌથી ખાસ સાબિત થવાનો છે. આ દિવસે પૂર્ણિમાની રાત્રિ છે. ભારતમાં પણ દર મહિને પૂર્ણિમા હોય છે, પરંતુ વિદેશોમાં તેને અલગ-અલગ નામથી ઓળખવામાં આવે છે. જ્યોતિષ અને ખગોળશાસ્ત્ર અનુસાર, ૨૧મી જૂનનો દિવસ સૌથી લાંબો હશે અને રાત્રિના આકાશમાં એક અદ્ભુત નજારો જોવા મળશે.આ દિવસે ચંદ્ર સોળ કળાએ ખીલશે. તેનો પ્રકાશ એટલો તેજ હશે કે જાણે તે દિવસ હોય તેમ દેખાશે. આ ઘટનાને 'સ્ટ્રોબેરી મૂન' કહેવામાં આવે છે. ચંદ્ર આછા ગુલાબી રંગનો હશે અને આ દિવસથી યુરોપ અને અમેરિકામાં ઉનાળાની ઋતુ શરૂ થશે.યુરોપીયન ખંડના ઉત્તરીય દેશોમાં ચંદ્ર ઉગતી વખતે લાલ રંગનો દેખાશે. જ્યારે ચંદ્ર આકાશમાં ખૂબ જ નીચો દેખાય છે ત્યારે આવું થવાની સંભાવના વધારે હોય છે. જેમ જેમ તે ઉપર જશે તેમ તેનો રંગ ગુલાબી થશે. નાસાએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. જો કે, ચંદ્રનો આ તેજસ્વી પ્રકાશ ૨૦ જૂનથી જ દેખાવા લાગશે, જે ૨૨ જૂને પણ દેખાશે. ગુરુવાર, શુક્રવાર અને શનિવારે ચંદ્ર સંપૂર્ણ રીતે દેખાશે.સ્ટ્રોબેરી મૂનનું નામ અમેરિકન ખગોળશાસ્ત્રીઓએ આપ્યું હતું. તેનું નામ જંગલી સ્ટ્રોબેરી પરથી પડ્યું છે જે આ મહિનામાં પાકે છે. જૂન પૂર્ણ ચંદ્રના અન્ય નામોમાં બેરી પાકેલા ચંદ્ર, ગ્રીન કોર્ન મૂન અને હોટ મૂનનો સમાવેશ થાય છે. ભારત સહિત સમગ્ર એશિયા ખંડમાં પૂર્ણ ચંદ્ર જોવાનો શ્રેષ્ઠ સમય શુક્રવાર હશે. આ સમય દરમિયાન ચંદ્ર સૂર્યાસ્ત પછી તેજસ્વી પ્રકાશ લાવશે. સ્ટ્રોબેરી મૂન દરમિયાન ચંદ્ર અપવાદરૂપે મોટો દેખાશે, પરંતુ તે સુપરમૂન નહીં હોય. સુપરમૂન જોવા માટે ઓગસ્ટ સુધી રાહ જોવી પડશે અને ત્યાર બાદ સતત ૪ સુપરમૂન જોવા મળશે. જૂનના પૂર્ણ ચંદ્રને અમેરિકન આદિવાસીઓ દ્વારા સ્ટ્રોબેરી મૂન નામ આપવામાં આવ્યું છે.સામાન્ય રીતે આવું થતું નથી. આવું ૧૯ થી ૨૦ વર્ષમાં એકવાર થાય છે. આ સમયે સૂર્ય આકાશમાં તેના સર્વોચ્ચ સ્થાને હશે, તેથી ચંદ્ર આકાશમાં નીચો દેખાશે અને મોટો દેખાશે. તે જ સમયે, ઘણા યુરોપિયન દેશોમાં, સ્ટ્રોબેરી મૂનને હની મૂન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેની પાછળ એક મોટું કારણ છે, કારણ કે આ સમયે મધના કોમ્બ્સ તૈયાર હોય છે. આ સમય ખેડૂતો માટે મધ કાઢવાનો છે, તેથી તેને હની મૂન તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ગુજરાત યુનિ.નો છબરડો, ગર્લ્સ કોલેજમાં બોય્સને પ્રવેશ આપ્યો

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટી અને છબરડા એકબીજાનો પર્યાય બની ગયા છે. તેથી ગુજરાત યુનિવર્સિટી છબરડો ન કરે તો જ આશ્ચર્ય થાય. કદાચ કોઈ એવું વર્ષ ગયું નહી હોય તો જે વર્ષે ગુજરાત યુનિવર્સિટીએ છબરડો કર્યો ન હોય.આ વખતે પણ ગુજરાત યુનિવર્સિટીએ યુજી કોર્સીસના કોમન એડમિશન ટેસ્ટમાં મોટો છબરડો કર્યો છે. આ છબરડાંની ખાસિયત એ છે કે છોકરાઓને ગર્લ્સ કોલેજમાં એડમિશન આપી દીધું છે. આ છોકરા પણ એક કે બે નથી પૂરા ૩૦૦ છોકરાને એડમિશન આપ્યું છે, તેના લીધે ૩૦૦ છોકરીઓ એડમિશનથી વંચિત રહી ગઈ છે.જીકાસની એજન્સી અને સમર્થના પોર્ટલમાં કોઈપણ પ્રકારની વેરિફિકેશન સિસ્ટમ ન હોવાથી વિદ્યાર્થીઓને તેમની ચોઈસ મુજબ એડમિશન ફાળવી દેવાયા છે, જેના લીધે ગર્લ્સ કોલેજમાં યુવકોને એડમિશન મળી ગયું છે.આના લીધે ગુજરાત યુનિવર્સિટીને ગર્લ્સ કોલેજોમાં સુપર ન્યુમરી સીટ આપવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. હવે વેકેશન બાદ કોલેજો શરૂ થવાની છે તે સમયે ગુજરાત યુનિવર્સિટીએ તેના આ છબરડાને બ્રેક મારવું જરૂરી છે. પોર્ટલમાં ખામીના લીધે એડમિશન પ્રક્રિયા પર મોટી અસર પડી છે. આના લીધે હવે છોકરા અને છોકરીઓ બંનેને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળશે, પરંતુ તેમની ચોઈસ મુજબ પ્રવેશ નહીં મળે. આમ યુનિવર્સિટીનો એક છબરડો બધાને હેરાન કરશે.

## પરિણીત પુરુષ અને અપરિણીત મહિલા વચ્ચે લિવ-ઈન રિલેશનશિપ લગ્નની પ્રકૃતિ નથી

ચેન્નાઈ,

મદ્રાસ હાઈકોર્ટે એક કેસની સુનાવણી કરી હતી. જેમાં કોર્ટે કહ્યું હતું કે પરિણીત પુરુષ અને અપરિણીત મહિલા વચ્ચે લિવ-ઈન રિલેશનશિપ લગ્નની પ્રકૃતિ નથી. આ દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે કહ્યું કે કોઈ કાયદાની ગેરહાજરીમાં લિવ-ઈન પાર્ટનર અન્ય પક્ષની મિલકતના વારસા કે વારસાની માંગ કરી શકે નહીં.હાઈકોર્ટે કહ્યું કે ભારતીય ક્રિશ્ચિયન મેરેજ એક્ટ એક પત્નીત્વના સિદ્ધાંતને માન્યતા આપે છે.

આ મુજબ તેમના પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હતા. તેથી લિવ ઈન રિલેશનશિપ્રેમાન્ય રાખી શકાતી નથી.જસ્ટિસ આરએમટી ટીકા રમને એવા પુરૂષને રાહત આપવાનો ઈનકાર કર્યો હતો, જેણે પરિણીત હોવા છતાં એક મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપ રાખી હતી . આ મામલામાં કોર્ટે કહ્યું કે લગ્નના સંબંધ માટે યુવકો પોતાને પતિ-પત્ની તરીકે સમાજમાં રજૂ કરે અને લગ્ન કરવા માટે લાયક હોય તે જરૂરી છે. કેસની સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે લિવ-ઈન રિલેશનશિપ સમયે પણ પુરુષ અને તેની પત્ની વચ્ચે લગ્ન અસ્તિત્વમાં હોવાથી લિવ-ઈન રિલેશનશિપ્રે લગ્ન તરીકે માની શકાય નહીં. મદ્રાસ હાઈકોર્ટ અરજદાર જયચંદ્રનની અપીલ પર સુનાવણી કરી રહી હતી, જે માગર્રિટ અરુલમોઝી સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હતા. આ પહેલા જયચંદ્રને સ્ટેલા નામની મહિલા સાથે લગ્ન કર્યાહિતા અને આ લગ્નથી તેમને ૫ બાળકો પણ હતા. જયચંદ્રને માગર્રિટની તરફેણમાં સમાધાનની ડીડ તૈયાર કરી હતી જે માગર્રિટના મૃત્યુ પછી એકપક્ષીય રીતે રદ કરવામાં આવી હતી.તે જ સમયે, આ કેસ તે મિલકતના કબજા સાથે સંબંધિત હતો જે અરુલમોઝીએ માગર્રિટના નામે પતાવટ કરી હતી. ટ્રાયલ કોર્ટે શોધી કાઢ્યું હતું કે જયચંદ્રન અને માગર્રિટના લગ્નને માન્ય લગ્નમાં રૂપાંતરિત કરવામાં આવ્યા ન હોવાથી, પ્રતિવાદી યેસુરંથિનમ, માગર્રિટના પિતા, કબજાના ઓર્ડર માટે હકદાર હતા. આ રીતે કોર્ટે જયચંદ્રનને મિલકતનો કબજો સોંપવાનો નિર્દેશ આપ્યો હતો. આ પછી જયચંદ્રને ટ્રાયલ કોર્ટના આ નિર્ણય સામે અપીલ દાખલ કરી હતી. અપીલ પર, અરજદાર જયચંદ્રને દલીલ કરી હતી કે તેણે તેની પ્રથમ પત્ની સ્ટેલાને પરંપરાગત માધ્યમથી છૂટાછેડા આપ્યા હતા, ત્યારબાદ તેણે માગર્રિટ સાથે અફેર શરૂ કર્યું હતું. તેણે એ પણ જણાવ્યું કે તેણે માગર્રિટની સુરક્ષા માટે તેની તરફેણમાં સમાધાન ડીડ કર્યું હતું. તેમણે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટે ધ્યાન આપ્યું નથી કે માગર્રિટે તેમના સર્વિસ રેકોર્ડમાં પેન્શન અને અન્ય સેવા લાભો માટે જયચંદ્રનનું નામ તેમના પતિ તરીકે આપ્યું હતું. જયચંદ્રને જણાવ્યું હતું કે માગર્રિટના મૃત્યુ પછી, તેને તેના પતિ તરીકે માનવો જોઈતો હતો અને ટ્રાયલ કોર્ટે તેની સાથે માત્ર હયાત સંબંધી તરીકે સારવાર કરવામાં ભૂલ કરી હતી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ, જે જાતિ પ્રથાને પણ માન્યતા આપે છે, ભારતીય છૂટાછેડા અધિનિયમ આવી કોઈપણ પ્રણાલી અથવા છૂટાછેડાના કોઈપણ રૂઢિગત સ્વરૂપ્રે માન્યતા આપતો નથી.હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે જયચંદ્રનની દલીલને સ્વીકારી શકે નહીં કે તેણે તેની પત્ની સ્ટેલાને રિવાજ પ્રમાણે છૂટાછેડા આપ્યા હતા. કોર્ટે કહ્યું કે છૂટાછેડાના કોઈ પુરાવાના અભાવે જયચંદ્રન અને માગર્રિટ વચ્ચેના સંબંધો પતિ-પત્નીનો કાનૂની દરજ્જો મેળવી શકતા નથી. અદાલતે એવી પણ દલીલ કરી હતી કે ભારતીય ક્રિશ્ચિયન મેરેજ એક્ટમાં એકપત્નીત્વના સિદ્ધાંતને માન્યતા આપવામાં આવી છે, જે મુજબ, તેમના પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હતા.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા પીપલગ સ્વામીનારાયણ મંદીરમાં યોગ કાર્યક્રમ યોજાયો

નડિયાદ,

આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સ્વામિનારાયણ મંદિર (BAPS) પીપલગ ના પરિસરમાં યોગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યોગકોચ, યોગટ્રેઈનર્સ અને ૫૫૦ થી વધુ યોગસાધકોએ ભાગ લઈ



યોગના વિવિધ આસનો કર્યા હતા.

આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી સર્વ મંગલદાસ સ્વામી, સંતરામ મંદિરના સંત સત્યદાશજી મહારાજ, જીલ્લા રમત ગમત અધિકારી લક્ષ્મણભાઈ ચૌહાણ અને રમત વિકાસ અધિકારી મનસુખભાઈ તાવેથીયા, રાજ્ય યોગબોડેના મદ્ય જોનના ઝોન કોર્ડીનેટર ડો. જયનાબેન પાઠક, ખેડા જીલ્લાના યોગ કોર્ડીનેટર મીનલકુમાર પટેલ સહિત યોગસાધકો જોડાયા હતા.

# દાહોદમાં સોનીની દુકાનમાં ખરીદી કરવા આવેલ અજાણી મહિલાઓએ દુકાનદારની નજર ચુકવી સોનાના કાંટા ૨૧ હજારની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ શહેરમાં એક સોનીની દુકાને બે અજાણી મહિલાઓ ખરીદી કરવા આવતાં જ્યાં દુકાનદારની નજર ચુકવી બે મહિલાઓ દ્વારા ૦૭ સોનાના કાંટા અંદાજે કિંમત રૂા. ૨૧,૦૦૦ની મત્તાની ચોરી કરી બંન્ને મહિલાઓ ફરાર થઈ જતાં જ્યારે દુકાનદારને શંકા જતાં સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરતાં મહિલાઓ સોનાના દાગીનાની ચોરી કરતાં સીસીટીવી કેમેરામાં જોવા મળતાં પંથકમાં સ્તબ્ધતા સાથે ચકચાર મચી જવા પામી છે.

ગત તા.૧૮મી જુનના રોજ બપોરના આશરે ૧ વાગ્યાના આસપાસ દાહોદ શહેરના મંડાવ ચોકડી નજીક આવેલ યસ જવેલર્સમાં બે અજાણી મહિલાઓ સોના-ચાંદીના ઘરેણા લેવાના બહાને આવી નાકમાં પહેરવાની નથણી જેની આશરે ૭ સોનાના કાંટા જેની આશરે કીમત ૨૧,૦૦૦ ઉપરાંતની મત્તાના સોનાના કાંટા દુકાનદારની નજર ચુકવી એક મહિલાએ એકપછી એક ૦૭ જેટલા સોનાના કાંટા પોતાના મોઢામાં

# બાગાયત યોજનાનો લાભ લેવા 30 જુન સુધીમાં અરજી સાધનિક કાગળો સહીત રજુ કરવા જણાવવામાં આવે છે

મહીસાગર,

રાજ્ય સરકાર દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા તા. ૧૨/૦૩/૨૦૨૪ થી તા.૧૧/૦૫/૨૦૨૪ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જે અરજદારોએ બાગાયત સહાયલક્ષી યોજનાઓમાં અરજી કરેલ હોય તેઓએ જરૂરી સાધનિક દસ્તાવેજો જેવા કે અરજી પ્રિન્ટ નકલ, ૭-૧૨, ૮ - અ નકલ, જાતિનો દાખલો (અનુ. જાતિ/અનુ. જન જાતિ), આધાર કાર્ડ, રેશન કાર્ડ, બેંક ખાતાની નકલ સામેલ કરી અરજી નાયબ બાગાયત નિયામક ની કચેરી, બ્લોક ૧૪,પહેલો માળ, સરદાર પટેલ સ્કુલની બાજુમાં, ચાર કોશિયા નાકા, મોડાસા રોડ લુણાવાડા- ૩૮૯૨૩૦ ખાતે તા. ૩૦/૦૬/૨૦૨૪ સુધીમાં અચૂક રૂબરૂ કે ટપાલ દ્વારા જમા કરાવવા જણાવવામાં આવે છે. મહીસાગર જીલ્લાનાં બાગાયતદારો ને વધુમાં જણાવવાનું કે સમયમર્યાદા પૂર્ણ થયા બાદ અરજી કચેરી ખાતે સ્વીકારવામાં આવશે નહિ.

# જીલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષ સ્થાને કડાણા એકલવ્ય મોડેલ શાળા ખાતે વિશ્વ સિકલ સેલ દિવસ ઉજવણી કાર્યક્રમ યોજાયો

મહીસાગર,

સિકલ સેલ એનેમિયા એ એક આનુવંશિક બિમારી (જીનેટિક બ્લડ ડિસઓર્ડર) છે. જે મુખ્યત્વે આદિવાસી લોકોમાં બહોળા પ્રમાણમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં આ બીમારી પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશથી પ્રતિ વર્ષ ૧૯ જૂનના રોજ વિશ્વ સિકલ સેલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગ રૂપે મહીસાગર જીલ્લાના કડાણા એકલવ્ય મોડેલ શાળા ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને અને જીલ્લા કલેક્ટર નેહા કુમારી અને જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલની ઉપસ્થિતિમાં વિશ્વ સિકલ સેલ દિવસ ઉજવણી કાર્યક્રમ યોજાયો.




આ પ્રસંગે સિકલસેલ રોગના દર્દીઓ માટે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સિકલસેલ સ્કીનીંગ ડ્રાઈવ ૧૯ જુન થી ૩ જુલાઈ ૨૦૨૪ સુધી યોજાનાર છે. સિકલસેલ રોગનાં કારણે સિકલસેલ દર્દીનાં જીવનમાં સામાન્ય વ્યકિત કરતા વધારે તકલીફ પડતી હોય છે. કાર્યક્રમાં સિકલસેલ રોગનાં લક્ષણો, નિદાન, સારવાર અને દર્દીઓને રાખવાની તકેદારી અંગે સમજણ આપવામાં આવી. વધુમાં કેમ્પમાં સિકલસેલ ટ્રેઈટ છે, તેવા લોકોને લગ્ન પહેલાં ખાસ પરામર્શથી આ રોગ આગામી પેઢીમાં ના પ્રસરે તે માટે ખાસ માહિતીગાર કરવામાં આવ્યા. આ ઉપરાંત એનસીડી સ્કિનીંગ, ટીબી સ્કિનીંગ તેમજ આભા,પીએમજેએવાય કાર્ડ કાઢી આપવામાં આવ્યા.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલએ જણાવ્યું હતું કે,સિકલ સેલ એ આનુવંશિક રોગ છે. પ્રતિ વર્ષ આ દિવસની ઉજવણી કરી સૌને યાદ અપાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ -૨૦૪૭ સુધીમાં સિકલસેલ નાબૂદી માટેનો દેશવાસીઓને લક્ષ્યાંક આપ્યો છે ત્યારે આ ધ્યેયને સિદ્ધ કરવા માટે નાગરિક તરીકે આપણે સ્વયં જાગૃત થઈને સિકલસેલ જેવી બિમારી અંગે જાગૃતિ ફેલાવીએ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો તથા શિક્ષણના માદયમથી આ બિમારીને આપણે નાબૂદ કરી શકીએ છીએ. જીલ્લામાં હાલમાં તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે સિકલસેલની વિનામૂલ્યે સારવાર થાય છે. જેની પણ સૌ નાગરિકોને જાણકારી આપી સિકલસેલ નિર્મૂલન અભિયાનમાં સૌને સહભાગી બનવા અપીલ કરી હતી.

આ પ્રસંગે જીલ્લા કલેક્ટર નેહા કુમારીએ કડાણા અને સંતરામપુર તાલુકામાં વસતા તમામને નજીકના આરોગ્ય કેન્દ્રમાં સિકલસેલ સ્કીનીંગ ટેસ્ટ તથા તમામ સગર્ભાનો સિકલસેલ સ્કીનીંગ ટેસ્ટ બિનચૂક કરવા અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલએ સિકલ સેલ એનિમિયાને નાબૂદ અંગે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાષ્ટ્રીય સિકલસેલ એનિમિયા નિર્મૂલન અભિયાન -૨૦૪૭ અંતર્ગત ઉમદા કામગીરી કરનારને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ મંગુબેન માલીવાડ, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક ચંદ્રિકાબેન ભાભોર, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સી આર પટેલ, મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# લીમડી શિવ મંદિર પશુના મળેલ અવશેષની તપાસમાં કુતરું અથવા જાનવર ખેંચી લાવ્યું હતું

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગતરોજ એક ભગવાન શિવજીની મંદિરના પટાંગણની બહાર બકરાનું વાઢેલુ માથું મળી આવ્યું હતું. જેમાં સ્થાનીક પોલીસે તપાસ કરતાં આ બકરાનું માથુ ચાર -પાંચ દિવસ પહેલાનું હતું અને કોઈ કુતરૂ અથવા કોઈ અન્ય જાનવર દ્વારા મંદિર સુધી લઈ આવ્યું હતું. ત્યારે પોલીસની આ કામગીરીને બિરદારી શ્રી રામ સેવા સમિતિ, દાહોદ દ્વારા લીમડી પોલીસ મથકના પીઆઈને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, લીમડી નગરમાં લાયસન્સ વગરના કતલખાના ધમધમતી રહ્યાં છે. તેની સામે કાર્યવાહીની માંગણી સાથે લાયસન્સ ધરાવતાં કતલખાનાઓ દ્વારા વેસ્ટેજ કચરો જાહેર રસ્તાઓ તેમજ હિન્દુ ધર્મ સ્થાનોની આગળ ફેંકી દેવામાં આવતાં હોવાના આક્ષેપો સાથે સાથે આ મામલે પણ



તપાસ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

ગતરોજ લીમડી નગરના ગોધરા રોડ ખાતે આવેલ એક ભગવાન શિવજીના મંદિરના પટાંગણની બહાર બકરાનું વાઢેલું માથુ મળી આવ્યું હતું. ઘટનાને પગલે સ્થાનીક હિન્દુ સમાજના લોકોએ આ અંગેની સ્થાનીક પોલીસને જાણ કરતાં પાલીસે તપાસ કરતાં આ બકરાનું વાઢેલુ માથુ ત્રણ-ચાર દિવસ પહેલાનું હતું. અતિ દુર્ગંધ મારી રહ્યું હોય એવું કે, જેને કુતરા અથવા અન્ય કોઈ જાનવર દ્વારા અહીં સુધી લઈ આવવામાં આવ્યું હશે ? જે તપાસમાં જણાવ મળ્યું હતું જે મામલે સ્થાનીક હિન્દુ સમાજના લોકો દ્વારા પોલીસની કામગીરીને બિરદાવી હતી ત્યારે આજરોજ શ્રી રામ સેવા સમિતિ, દાહોદ દ્વારા લીમડી પોલીસ મથકના પીઆઈને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, લીમડી નગરમાં કેટલા કતલખાના અને માંસ મટનની દુકાનો છે અને એમાં કેટલા પાસે લાયસન્સ છે એટલે કે, કેટલી દુકાનો કાયદેસર છે ? ઘણી જગ્યાએ એકજ લાયસન્સ પર ચાર-પાંચ દુકાનો ચલાવતાં હોય છે. એ દુકાનો કાયદેસર છે તો તેમાંથી નીકળતો વેસ્ટ કચરો હાડકા, ચામડા જેવા જાહેર રસ્તાઓ પર અને હિન્દુ સમાજના ધાર્મિક સ્થાનોની આસપાસ ફેંકવામાં આવે છે. જેના કારણે લીમડી નગરના સ્થાનીક રહીશોનું આરોગ્ય જોખમાય છે, જેનું જવાબદાર કોણ ? જેની ઉંડાણપુર્વક તપાસ કરવામાં આવે અને જે પણ આરોપી કસુરવાલ થાય એના પર દંડાત્મક પગલાં લેવામાં આવે એવી હિન્દુ સમાજની માંગણી સાથે જો કાર્યવાહી કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં સમગ્ર હિન્દુ સમાજ ઉગ્ર આંદોલન કરી આનો વિરોધ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. ત્યારે શ્રી રામ સેવા સમિતિ, દાહોદ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રમાં વધુમાં જણાવ્યાં અનુસાર, હિન્દુ સમાજના લોકો બિન ગેરકાયદેસર મટનની દુકાનોનો વિરોધ છેલ્લા કેટલાંય સમયથી કરતું આવ્યો છે. મુખ્ય મંત્રી દ્વારા તપાસના આદેશ પણ આપેલ છે, પરંતુ આજદિન સુધી કોઈ તપાસ કે પગલાં ભરવામાં આવ્યાં ન હોવાના આક્ષેપો આવેદનપત્રમાં કરવામાં આવ્યાં હતાં.

# ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષીને દાહોદ જીલ્લાના સુખસર ખાતેની કૃષિ શાળામાં કોમન યોગ પ્રોટોકોલ જીલ્લા કક્ષા યોગ શિબિરનું આયોજન કરાયું

દાહોદ,

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષીને પ્રચાર પ્રસાર માટે યોગસેવક શીશપાલજી ચેરમેન તેમજ ઓ. એસ.ડી. વેદી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર નાઓના માર્ગદર્શન હેઠળ સુખસર ખાતે કૃષિ શાળામાં કોમન યોગ પ્રોટોકોલ યોગ શિબિર યોજવામાં આવી હતી.

યોગાસનોના કારણે હેપ્પીનેસ ઈન્ડેક્સ વધે છે અને મેડિકલ ખર્ચ ઘટે છે. આ ઉમદા હેતુસર આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન સ્ટેટ કોર્ડિનેટર રાજેશભાઈ પંચાલ તેમજ ઝોન કોરડીનેટર પિન્કીબેન મેકવાન નાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોમન યોગ પ્રોટોકોલ મુજબ યોગ સિખવવામાં આવ્યા સાથેજ યોગ આપના જીવનમાં કેટલું ઉપયોગી છે, તેનાથી માહિતગાર કર્યા અને યોગ અને પ્રાણાયામ રોજ કરવાથી વિવિધ બીમારીઓ પણ આપણા શરીર થી દૂર રહે છે, તેમજ યોગ કોર્ડિનેટર ડી. પટેલનાઓ તેમજ ફતેપુરા તાલુકા યોગ કોચ ધુળાભાઈ પારગી નાઓ દ્વારા આ યોગ શિબિરનું આયોજન કરેલ તેમજ યોગ કોચ ધુળાભાઈનાઓ દ્વારા તાલુકામાં આશરે ૩૫૦ થી વધુ યોગ ટ્રેનરો તૈયાર કરેલ છે ગામડે ગામડે ફરી યોગ ની તાલીમ આપી રહ્યા છે. જે ખરેખર ખુબજ ઉત્કૃષ્ટ કામગીરી કહી શકાય.

આ કાર્યક્રમમાં મુખ્ય ઉપસ્થિત દાહોદ જીલ્લા બી.જે.પી. પ્રમુખ શંકરભાઇ અમલિયાર નાઓએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નાઓના સપનાને સાકાર કરવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગામડાઓ સુધી યોગ પહોંચાડવાનું જે ભગીરથ કાર્ય કરી રહ્યું છે. એ ખરેખર સરાહનીય છે અને આવનાર સમયમાં ઘર ઘર સુધી અને જન જન સુધી યોગ પહોંચે અને સૌ ભારતીય સ્વસ્થ રહે નિરોગી રહે તે માટે તમામને શુભેચ્છાઓ પાઠવી.

આ કાર્યક્રમમાં ભ્રમ્હાકુમારી, ગાયત્રી પરિવાર, શ્રી શ્રી રવિશંકર, RSS,VHP તેમજ અન્ય બીજા સમાજ સેવી સંગઠનોના પ્રતિનિધિઓ તેમજ જીલ્લાના તમામ તાલુકાઓના યોગ કોચ, ટ્રેનરો સાધકો, સાંઈ ઈન્સ્ટિટ્યૂટની વિદ્યાર્થીનીઓ તેમજ ફતેપુરા તાલુકાના આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હરિયાણામાં પૂર્વ મુખ્યમંત્રીની પુત્રવધૂના દીકરી સાથે કેસરિયા

ચંડીગઢ,

હરિયાણામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી બંસી લાલના પુત્રવધૂ કિરણ ચૌધરી અને તેમના પુત્રી શ્રુતિ ચૌધરીએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. ગઈકાલે જ બંનેએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. આજે સવારે ૧૦.૩૦ વાગ્યે, તેઓ બીજેપી હેડક્વાર્ટર ખાતે હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈની અને પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા.

ખડગેને લખેલા તેમના અલગ-અલગ રાજીનામામાં, કિરણ ચૌધરી અને શ્રુતિ ચૌધરીએ આડકતરી રીતે ભૂતપૂર્વ સીએમ ભૂપેન્દ્રસિંહ હુડ્ડા પર નિશાન સાધ્યું અને આરોપ લગાવ્યો કે પાર્ટી ઓફીસ 'ખાનગી જાગીર' તરીકે ચલાવવામાં આવી રહી છે. શ્રુતિ ચૌધરી હરિયાણામાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હતા. હરિયાણામાં આ વર્ષે ઓક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

કિરણ ચૌધરી હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બંસી લાલના પુત્રવધૂ અને ભિવાની જિલ્લાના તોશામના ધારાસભ્ય છે. હવે હરિયાણામાં જયારે ચૂંટણી નજીક જ છે ત્યારે તેમના ભાજપમાં જોડાવાથી હરિયાણામાં પાર્ટી વધુ મજબૂત થવાની સંભાવના છે.

કિરણ ચૌધરી દિલ્હી વિધાનસભામાં ડેપ્યુટી સ્પીકર પણ રહી ચૂક્યા છે. રોહતકથી કોંગ્રેસના ઉમેદવાર દીપેન્દ્ર હુડ્ડાની જીતથી રાજ્યસભાની એક બેઠક ખાલી થઈ છે, જો બીજેપી આગેવાન અને કિરણ ચૌધરી વચ્ચે સમજૂતી થાય છે તો તેમને હરિયાણાથી રાજ્યસભામાં પણ મોકલવામાં આવી શકે છે. કિરણ ચૌધરી ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસનો એક ધારાસભ્ય ઓછો થશે. જો કે, કિરણે કહ્યું કે તે અને તેની પુત્રી બંને બિનશરતી ભાજપમાં જોડાયા છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ: આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

:: જાહેર ચેતવણી ::-

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ નીતાબેન રામસિંહ ભેદી રહે.મોરા તા.મોરવા હડફ, જી.પંચમહાલ નાતે અમારા અસીલ નામે જાદવ કિશોરકુમાર શનાભાઈ રહેવાસી.ભાટપુરા, તા.ગોધરા જી.પંચમહાલની સુચના અને ફરમાઈસથી તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાને સદર હું નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા પુત્ર ધનશ્યામભાઈ કિશોરભાઈ જાદવ નાઓએ તા.૧૬/૦૪/૨૦૨૪નારોજ પ્રેમ લગ્ન કરી લીધેલ છે. જેઓએ લગ્ન તેઓની મરજી મુજબ કરેલા હોય જે અમોને કબુલ નથી અને તેઓ અમારા કહ્યામાં નથી કે તેઓ છેલ્લા કેટલાક સમયથી અમારા સંપર્કમાં નથી અને તેઓ મનસ્વી વર્તન કરી રહયા છે, છતાં તેઓને વારંવાર અમોએ સમજાવવા છતાં માનેલા નહી અને બેફામ બનેલ છે, તેઓ અમારી સમાજીક પ્રતિષ્ઠાને હાની પહોચાડેલ છે. જેથી અમો અમારી સ્થાવર તથા જંગમ મીલકતો મોજે ગામ-ભાટપુરા મુકામે આવેલ મીલકત માંથી અમારા પુત્રને બેદખલ કરીએ છીએ. આ નોટીસથી જાહેર જનતાને ચેતવણી આપીએ છીએ કે, અમારા પુત્ર સાથે હવે અમારે પિતા/ પુત્ર તરીકેના કોઈ સંબધો રહેતા નથી. જેથી અમારા પુત્ર સાથે કોઈ પણ પ્રકારના નાણાંકીય લેવડ દેવડ કે, સામાજીક વ્યવહાર કે અન્ય કોઈ પણ પ્રકારની લેવડ દેવડ કે અન્ય કોઈ પણ રીતે વ્યવહાર તેની સાથે કરવામાં આવશે, તો તેની અમારી કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી. તેની તમામ જવાબદારી જે તે વ્યવહાર કરનારની પોતાની અંગત રહેશે. જે આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જાહેર કરીએ છીએ.

મું.ગોધરા
તા.૧૯/૦૬/૨૦૨૪

અમારી મારફતે
નીતાબેન રામસિહ ભેદી
બીએ., એલ.એલ.બી,એડવોકેટ
રહે.મુ.પો.મોરા તા.મોરવા હડફ,
જી.પંચમહાલ.
મો.નં.૯૭૧૨૦૯૭૯૩૭

અભીનંદન....
પંચમહાલ
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હરી ઓમ સ્વસહાય જુથ દુધીયા
તરફથી અભીનંદન....
તા.લીમેખડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત ક્રિષ્નાકુમારી નવલસિંહ
તરફથી અભીનંદન....
માન્લી,
તા.લીમખેડા,
જી.દાહોદ

# દાહોદ સ્થાનીક પોલીસનો સપાટો : ફોરેસ્ટ વિભાગ ઉંઘતુ ઝડપાયું

**દે.બારીઆના ગડા ગામેથી પોલીસે ખેરના લાકડાની હેરાફેરી કરતાં પીકઅપ ગાડીના ચાલકને ખેરના લાકડા સાથે ઝડપી પાડ્યો.**



દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના કંજેટા રેન્જ વિસ્તારમાં આવેલ ગડા ગામેથી પોલીસે એક બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડી માંથી બીનપાસ પરવાનગીએ લઈ જવાતા ખેરના લાકડા સાથે પોલીસે ફોર વ્હીલર ગાડીમાં સવાર ચાલકની અટકાયત કરી આ અંગેની નજીકના ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં હોવાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆના ગડા ગામેથી આજરોજ સ્થાનીક પોલીસે ગડા ગામેથી પસાર થતી એક બોલેરો ફોર વ્હીલર ગાડીના ચાલકને રોકી તેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે ફોર વ્હીલર ગાડીમાં તલાસી હાથ ધરતાં તેમાંથી ખેરના લાકડા પોલીસને નજરે પડ્યાં હતાં. પોલીસે ગાડીના ચાલક કાંતિભાઈ અભેસિંગભાઈ પુજારા (રહે. મોટી ખજુરી, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) નાની પાસેથી આ ખેરના લાકડાના પાસ પરમીટ માંગતાં તેની પાસે ખેરના લાકડાના કોઈ પાસ પરમીટ કે પરમીશન ન હોવાથી પોલીસે ઉપરોક્ત ગાડીના ચાલકની અટકાયત કરી પોલીસ મથકે લાવી આ અંગે સ્થાનીક ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી ત્યારે કંજેટા રેન્જ વિસ્તારમાંથી સ્થાનીક પોલીસે ખેરના લાકડી હેરાફેરી કરતાં ઉપરોક્ત ઈસમને ઝડપી પાડતાં સ્થાનીક ફોરેસ્ટ વિભાગ ઉંઘતુ ઝડપાયું હોય હોય તે પ્રતિત થયું હતું. ચર્ચાઓ પ્રમાણે કંજેટા રેન્જ માંથી મોટા પાયે ખેર તેમજ સાગીના લાકડાની તસ્કરો થતી હોવાની ભારે ચર્ચાઓ થવા પામી છે. સેન્ચિરી વિભાગમાંથી થતી લાકડાંની મોટી તસ્કરી પાછળ કોનો હાથ હશે ? વન વિભાગના કર્મચારીઓની રહેમ નજર હેઠળ કે પછી અન્ય કોઈની સાંઠગાંઠથી આ હેરાફેરી થતી હશે ? આ ખેરના લાકડાનો જથ્થો ક્યાં લઈ જવામાં આવતો હતો ? શું આ ખેરના લાકડી તસ્કરી પાછળ અન્ય કેટલાં લોકોની સંડોવણી હશે ? જેવી અનેક ચર્ચાઓ વચ્ચે વન વિભાગની તપાસમાં આ તમામ હકીકત બહાર આવશે ખરી ? ઉપરોકત તમામ મામલે વન વિભાગ દ્વારા તપાસ ઘરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. ત્યારે સ્થાનીક પોલીસ દ્વારા ખેરના લાકડા સહિત ઝડપાયેલ ઉપરોકત ગાડીના ચાલકને સ્થાનીક ફોરેસ્ટ વિભાગને સોંપતાં ફોરેસ્ટ વિભાગ દ્વારા ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




દે.બારીયાના સિગોર ગામે સમાજમાં ચાલતા બાળ લગ્નો તેમજ ભૂતપ્રેતના કુરિવાજોને દુર કરવા ગામના અગ્રણી નાગરિકો અને શૈલેષકુમારના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.



દે.બારીયા આયુષ્યમાન આરોગ્ય મંદિર સિંગોર દ્વારા આજરોજ ખેડા ફળીયા સિંગોર પ્રાથમિક શાળા ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીને યોગની તાલીમ આપવામાં આવી. જેમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગામ માંથી લોકો જોડાયા.

# દાહોદ સેન્સ પ્રક્રિયાથી ઘીના ઠામમાં ઘી પડતા એક વ્યકિતના પુનઃપ્રમુખ બનવાના સપના રોળાયા



દાહોદથી ચોક્કસ અમુક સભ્યોને મેનેજ કરીને રાજસ્થાન ખાતે પ્રવાસમાં લઈ જવામાં આવ્યા હતા. તે પૈકીના ગણતરીના કેટલાક સભ્યો તો એવા છે કે જેની આવો લક્ઝરીયસ પ્રવાસ કરવાની, લક્ઝરીયસ હોટલમાં ઉતરવાની તેમજ લક્ઝરીયસ મોજ શોખ માણવાની ત્રેવડ જ નથી. તેવાઓની આ લક્ઝરીયસ પ્રવાસમાં લક્ઝરીયસ હોટલમાં અને લક્ઝરીયસ મોજ મજા માનવામાં જોવાતી હાજરી આ મામલે ઘણું બધું કહી જાય છે.

દાહોદ,

ખુરશીની લાલચમાં પક્ષના પ્રોટોકોલનો ભંગ કરી નગરપાલિકામાં આંધીની જેમ ફુકાયેલા બળવાખોરીના પવનને વધુ વેગ ન મળતા અને કાયદાની પ્રતીતિ કરાવાતા જ તેના પર બ્રેક લાગી જતા હાલ પૂરતો તો દાહોદ નગરપાલિકામાં બળવાખોરીનો ફૂંકાયેલો પવન એની મેળેજ શાંત થઈ જતા અને બળવાખોરીનું ભૂત ઉતરી જતા અને બાકીના સભ્યોએ પ્રમુખમાં વિશ્વાસ વ્યક્ત કરતું સેન્સ પ્રક્રિયા દરમિયાન નિવેદન આપતા નગરપાલિકામાં હવે નગરજનોના કામો થશે તેવી નજરજનોને મોંડે મોઢે પણ આશા બંધાઈ છે. જ્યારે એક વ્યક્તિની પુનઃ પ્રમુખ બનવાની આશાઓ પર પાણી ફરી વળ્યાનુ અને પ્રવાસનો ખર્ચ પણ માથે પડ્યાનું શહેરમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે. ત્યારે પાલિકા પ્રમુખ હવે પ્રજાના કામ કરવામાં કેટલા ખરા ઉતરે છે, તેના ઉપર સૌ નગરજનોની નજર છે.

દાહોદ નગરપાલિકાના રાજસ્થાનના પ્રવાસે ગયેલા કેટલાક કાઉન્સિલરોનો નૃત્ય કરતો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પક્ષની છબી ખરડાતા ભાજપ લોબી સ્તબ્ધ બની ગઈ હતી અને આ વિડીયો વાયરલ થયાની વાત તો ગાંધીનગર પ્રદેશ કક્ષા સુધી પહોંચી જતા પાર્ટીમાં હડકંપ મચી ગયો હતો અને પાર્ટીના પ્રદેશ કક્ષાના આદેશથી જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયાર દ્વારા દાહોદ કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને દાહોદ પાલિકાના તમામ સભ્યોને પોતાની વાત મુકવા માટેના નિવેદનો આપવા બોલાવવામાં આવ્યા હતા.છેલ્લા કેટલાય સમયથી લોકોમાં થતી ચર્ચાઓ મુજબ દાહોદ નગરપાલિકામાં નીરજ ઉર્ફે ગોપી દેસાઈ જ્યારથી દાહોદ નગરપાલિકાના પ્રમુખ બન્યા ત્યારથી પાલિકામાં ફરીવાર પ્રમુખ બનવાનું ભૂત એક પૂર્વ પ્રમુખમાં સવાર થયું હતું. અને પોતાનો ચોકો અલગ બનાવી પોતાની તરફે કેટલાક કાઉન્સિલરોને યેન કેન પ્રકારે કરી લીધા હતા અને તે તમામે તમામ નગરપાલિકામાં ગેરહાજર રહી ઘરે બેસી કામ કરવા માંગી આડકતરી રીતે વર્તમાન પ્રમુખ સામે જંગે ચડ્યા હતા. જેનું માઠુ પરિણામ દાહોદ વાસીઓ આજે પણ ભોગવી રહ્યા છે અને દાહોદ નગરપાલિકામાં લોકોના કોઈ કામો થતા નથી અને કામો માટે લોકોને નાહકના ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. દાહોદની જનતા પણ વિરોધીઓની આ ગતિવિધિથી સંપૂર્ણપણે વાકેફ છે.દાહોદ નગરપાલિકાના રાજસ્થાનના પ્રવાસે ન ગયેલા કાઉન્સિલરો તેમજ પ્રવાસી ગયેલા કાઉન્સિલરોને સેન્સ માટે જુદા જુદા સમયે દાહોદ કમલમ ખાતે દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયારે બોલાવ્યા હતા. જેમાં જેઓ પ્રવાસે ગયા ન હતા. તે પૈકીના કેટલાક કાઉન્સિલરોએ કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા દરમિયાન પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે અમારા વિસ્તારના કામો કરીએ છીએ. પાલિકા પ્રમુખ ગોપીભાઈ અમારૂં સાંભળે છે. અમારો આવો કોઈ વિષય છે જ નહીં કે કામ નથી થતા. નગરપાલિકામાં જે લોકો નથી આવતા અને ખાલી ઘરે બેઠા કામ કરાવવા માંગે છે એમને જ તકલીફ છે અને બીજો વિષય તે લોકોએ પોતાની રીતે મૂક્યો કે પાર્ટીના પ્રોટોકોલ પ્રમાણે આ લોકોએ પાર્ટીના જે ધારા ધોરણ છે. તેને અનુસરીને આ કમ્પ્લેઇન કરવી જોઈએ તેની જગ્યાએ ૨૪ જણાને આ લોકો મેનેજ કરીને લઈ ગયા છે. ત્યાં મોંઘી હોટલોમાં રોકાયા છે. આ બધો જેને ખર્ચો કર્યો છે અને અહીં પાર્ટી વિરૂદ્ધ વાતાવરણ બનાવ્યું છે. તો તેની તપાસ કરીને જવાબદાર વ્યક્તિને સસ્પેન્ડ કરવો જોઈએ તેવી અમારી માંગણી છે. નહીં તો આજે આને કર્યું છે, કાલે જેની પાસે પૈસા હશે અને જેને પ્રમુખ બનવું હશે તે પણ કરશે અને બીજું જે નાચતો વિડીયો આવ્યો છે. જેને કારણે ગામમાં પાર્ટીની છબી ખરડાઈ છે. જેથી અમારા જેવાઓ કંઈ પણ નથી કર્યું તો પણ ટીકા ટીપ્પણીના ભોગ બની રહ્યા છીએ. આ બધું બંધ થવું જોઈએ તેવું તેઓના નિવેદનમાં જણાવ્યું હતું. જયારે વાયરલ થયેલા વીડિયોના જવાબમાં પૂર્વ પ્રમુખે એવું કહ્યું હતું કે અમે ખાલી ફરવા ગયા હતા. અને અમે ભાજપના સંનિષ્ઠ કાર્યકર છીએ. અમારે કોઈ વિરોધ જેવું કશું નથી. જ્યારે બીજે દિવસે જીલ્લા પ્રમુખ દ્વારા જે સેન્સ લેવામાં આવ્યો અને આખી પ્રક્રિયા પૂર્ણ થઈ એટલે ક્યાંક ને ક્યાંક વિરોધ તો છે જ એ સ્પષ્ટ પણે જોવાઈ રહ્યું છે.

# તારીખ ૨૦ મી જુન ગુરૂવાર થી તારીખ ૨૭ મી જૂન ગુરૂવાર સુધી રોજ દ્રષ્ટિ નેત્રાલય દાહોદ ખાતે મફત મેઘા નેત્ર ચિકિત્સા ઓપરેશન કેમ્પનો આયોજન

દાહોદ,

દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા તારીખ ૨૦/૬/૨૦૨૪ ગુરૂવાર થી તારીખ ૨૭મી જુન ગુરૂવાર સુધી રોજ સવારના ૮ વાગ્યાથી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ ચાકલીયા રોડ દાહોદ જીઆઈડીસી પાસે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેત્ર યજ્ઞ દાહોદ તેમજ પંચમહાલ જીલ્લાના આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ નિદાન કેમ્પમાં મોતિયા, ઝામર, ત્રાંસી આંખ, પડદા પરવાળા, બાળ મોતીયા તમામ આંખની તકલીફવાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશનવાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજજ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે. તપાસ કરાવવા આવનાર દર્દીઓએ રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડ ની ઝેરોક્ષ સાથે એક સગાને લાવવો ફરજીયાત છે. દ્રષ્ટિ નેત્રાલય દાહોદના પ્રબંધક ડાયરેકટર ડોકટર શ્રેયાબેન મેહુલભાઈ શાહ દ્વારા આ અંધાપા નિવારણમાં સ્વયં લોકો લાભ લે તેમજ છેવાડાનો માણસ અંધ ના રહી જાય તે માટે કાયમી આંખના નિદાન ઓપરેશનની સગવડનો જનતાએ લાભ લેવા જણાવાયું છે.

# દાહોદ જીલ્લાના ખેડુતોએ પ્રાઈઝ સપોર્ટ સ્કીમહેઠળ ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી માટે ઓનલાઈન નોંધણી કરવી

દાહોદ,

ભારત સરકાર દવારા ખેડુતોને આર્થિક રક્ષણ મળી રહે અને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે એ હેતુથી દાહોદ જીલ્લાના ખેડુતોને વર્ષ -૨૦૨૩-૨૪ માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ(ડજ્જ) હેઠળ ઉનાળુ સીઝનમાં મગનો રૂ।.૮૫૫૮/- પ્રતિ કિવન્ટલ ટેકાના ભાવે ખરીદી માટે આગામીતા.૨૦/૦૬/૨૦૨૪ થી ખરીદી શરૂ કરવાનું સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત દાહોદ જીલ્લામાં મગનું વાવેતર કરેલ હોય અને ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તેવા ખેડુતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતેથી વી.સી.ઈ. મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી કરાવી શકશે. જેનો મહતમ લાભ લેવા જીલ્લાના ખેડુતોને જીલ્લા ખેતીવાડી અધિકારી, જીલ્લા પંચાયત, દાહોદ દ્વારાજણાવાયુંછે.

# દાહોદ તળાવ ફળીયા ભીલવાડા વિસ્તારના યુવકે રેલ્વે ટ્રેક ઉપર પડતું મુકી આપઘાત કરી લેતાં ફરિયાદ



દાહોદ,

દાહોદના તળાવ ફળીયા ભીલવાડા વિસ્તારના યુવકે દાહોદ રેલ્વે ટ્રેક નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટના સ્થળે દોડી ગયેલ પોલીસે મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યો હતો. ત્યારે ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

ગતરોજ વહેલી સવારના ૭ કલાકે વાત કરીયેતો દાહોદથી પસાર થતી જમુંતાવી એકસ્પ્રેસ ટ્રેન નીચે દાહોદના બોરડી ગામ નજીક આવેલ રેલ્વે ટ્રેક વચ્ચે ૫૪૨/૨ અને ૫૪૨/૩૬ પર દાહોદના તળાવ ફળીયામાં રહેતા કમલેશભાઈ વડકીયાએ પડતું મૂકી આપઘાત કરી લેતા યુવકનું કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. યુવકએ જમ્મુંતાવી એક્સપ્રેસ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતાની જાણ દાહોદ રાજકીય રેલ્વે પોલીસ અને આર.પી.એફ. ને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો મેળવી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી યુવકના પરિવારની શોધખોળ હાથ ધરતા યુવક દાહોદ શહેરના તળાવ ફળીયા ભીલવાડાનો રહેવાસી હોવાનું માલૂમ પડતા જેમની ઉંમર ૩૩ વર્ષ અને નામ કમલેશભાઈ કાળીયાભાઈ જાતે વડકીયા હોવાનું જણાવા મળતા રેલ્વે પોલીસે પરિવારનો સંપર્ક કરતા પરિવારમાં શોકનું મોંજું ફરી વડ્યું હતું. હાલ રેલ્વે પોલીસએ પરિવાર જનોથી પૂછતાજ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# દાહોદની યુવતિએ નામાંકિત શાળાના મહિલા આચાર્યની સહી તથા શાળાના સિકકાનો દુરઉપયોગ કરી લોકસભા ચુંટણી પ્રક્રિયાની કામગીરીમાં ઉપયોગ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદની એક યુવતીએ શહેરની એક નામાંકિત શાળાના મહિલા આચાર્યાની સહી તથા શાળાના સિક્કાનો દુરૂપયોગ કરી વર્ષ ૨૦૨૪ માં થયેલી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં શાળાના મહિલા આચાર્યાની ઈરાદાપૂર્વક બાદબાકી કરી તેઓને ચૂંટણીલક્ષી કામગીરીમાં કોઈ ઓર્ડર કરવામાં આવેલ નથી અને આ પહેલા પણ દરેક ચૂંટણીલક્ષી કામગીરીમાં તેઓને રાહત આપવામાં આવેલ હોવાના મતલબનું લખાણ લખેલ ખોટો પત્ર દાહોદની મુખ્ય પોસ્ટ ઓફિસમાંથી ટપાલ મારફતે દાહોદ જીલ્લા કલેકટર, મામલતદાર તેમજ પ્રાંત અધિકારીને મોકલી આપી શાળાની પ્રતિષ્ઠાને હાનિ હોંચાડવાની ચેષ્ટા કર્યાનું સત્તાવાર જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ રળીયાતી રોડ નવકાર નગરમાં રહેતી ટીનાબેન જૈન નામની યુવતીએ તારીખ ૨૮-૩-૨૦૨૪ના રોજ સવારના ૧૧:૧૭ વાગે મરૂન કલરની જીજે -૨૦-જ-૧૬૫૫ નંબરની એકટીવા મોપેડ પર આવી દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન ગર્લ્સ સ્કુલના આચાર્યા રાગીનીબેન પટેલની શાળાના સિક્કા તથા તેમની સહીનો દૂરૂપયોગ કરી તાજેતરમાં યોજાયેલી વર્ષ ૨૦૨૪ ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં દાહોદના નવજીવન ગર્લ્સ સ્કુલના મહિલા આચાર્યા રાગીનીબેન પટેલની ઈરાદાપૂર્વક બાદબાકી કરેલ છે. અને તેઓને ચૂંટણી લક્ષી કોઈપણ કામગીરી માટેનો કોઈ પણ ઓર્ડર કરવામાં આવેલ નથી. આ પહેલા પણ દરેક ચૂંટણીલક્ષી કામગીરીમાંથી તેઓને રાહત આપવામાં આવેલ હોવાના મતલબના લખાણવાળો ખોટો પત્ર દાહોદની મુખ્ય પોસ્ટ ઓફિસમાંથી ટપાલ મારફતે દાહોદ જીલ્લા કલેકટરને મોકલી આપી સાથે સાથે દાહોદ મામલતદાર તેમજ દાહોદ પ્રાંતઅધિકારીને તેઓની કચેરીના સરનામે રવાના કરી રાગીનીબેન પટેલની શાળાની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ચેષ્ટા કરી હતી.

આ સંબંધે દાહોદ ચાકલિયા રોડ અમૃત આદિવાસી સોસાયટીમાં સોસાયટીમાં રહેતા અને દાહોદ નવજીવન ગર્લ્સ સ્કુલમાં નોકરી કરતા ૪૫ વર્ષીય મીનલબેન ઈન્દ્રવદન કોન્ટ્રાકટરેદાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે દાહોદ રળીયાતી રોડ નવકાર નગરમાં રહેતા ટીનાબેન જૈન સામે ઈપીકો કલમ ૪૬૫,૪૬૯ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના મોડેલ ફાર્મ પર સમગ્ર દાહોદ જીલ્લાના ખેડૂતોનો પ્રાકૃતિક ખેતી વિષયક પ્રેરણા પ્રવાસ યોજાયો




દાહોદ,

રાજ્યના તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે તેઓને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતી તાલીમ તમામ જીલ્લામાં આપવામાં આવી રહી છે. દાહોદ જીલ્લામાં પણ દરેક તાલુકાના તમામ ગામોમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. જે અંતર્ગત ગરબાડા તાલુકાના ચાંદાવાડા ગામના રહેવાસી અને પ્રગતિશીલ ખેડૂત માનસિંહ ડામોરના મોડેલ ફાર્મ પર ખેડૂતોને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આત્મા પ્રોજેક્ટ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અંગેની વિસ્તાર પૂર્વક સમજ આપવામાં આવી હતી.પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના તમામ મુદ્દાઓ એટલે કે બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન, વાપ્સા તેમજ મિશ્રપાકો તેમજ પંચસ્તરીય પ્રાકૃતિક કૃષિ બાગાયતી મોડલ ફાર્મ અંગે વિગતવાર તાલીમ આપવામાં આવી હતી. ગરબાડાના મોડેલ ફાર્મ પર સમગ્ર દાહોદ જીલ્લાના ખેડૂતોનો પ્રાકૃતિક ખેતી વિષયક પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ પણ રસ દાખવી ભાગ લીધો હતો.ઉલ્લેખનીય છે કે, હાલ વરસાદના આગમન પહેલાં ખેડૂતો પોતાના સીઝનલ વરસાદી પાક માટે આગોતરી તૈયારી કરતા હોય છે. જેમાં બિયારણ અને ખાતરને પાક માટે મુખ્ય ગણીએ તો આપણે પાક માટે કઈ પદ્ધતિ અપનાવીએ એ ખુબ જ મહત્વનું છે. પ્રાકૃતિક ખેતી એ રાસાયણિક ખેતી કરતા ઉત્તમ અને ગુણવતાયુક્ત છે. એનામાં પાકની અને જમીન એમ બન્નેની ગુણવતા જળવાઈ રહે છે અને જમીન પણ ફળદ્રુપ બને છે. જેથી પાક કે જમીનને નુકસાન થવાને કોઈ અવકાશ રહેતો નથી.

# ગરબાડા તાલુકામાં વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવી

ગરબાડા,

સિકલસેલ એનિમિયા નાબુદી કાર્યક્રમ અંતર્ગત ૧૯જૂન ૨૦૨૪ વિશ્વ સિકલસેલ દિવસ નિમિતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદયકુમાર તિલાવટ તેમજ એપેડેમિક મેડિકલ ઓફિસર ડો. નયન જોશી જીલ્લા પંચાયત દાહોદ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો. અશોક ડાભીના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૯ જૂન ૨૦૨૪ નારોજ ગરબાડા તાલુકામાં વિશ્વ સિકલસેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લોકોમાં જનજાગ્રુતિ આવે તે માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગરબાડા ITI ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સિકલ સેલ વિશે સમજ આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓનું IEC કરી તેમનુ સ્કીનિંગ કરવામાં આવ્યું. સિકલસેલ એનિમિયા રોગના લક્ષણો, સિકલસેલ દર્દીઓને લેવાની કાળજી સિકલસેલની સારવાર વિશે સમજાવવામાં આવ્યું. તેમજ આવનાર પેઢીને સિકલસેલ રોગથી કેવી રીતે બચાવી શકાય તેના વિશે સમજણ આપવામાં આવી.

આ કાર્યક્રમમાં ઝરી PHC, MBBS ડાૅ.મનિષ ચૌધરી, THS,MTS,CHO મિનાક્યાર LT, ગરબાડા તાલુકાના પાંચ પ્રા. આ કેન્દ્રના તમામ MPHS,MPHW,ASHA બહેનો તેમજ ગરબાડા તાલુકાના સિકલ સેલ કાઉન્સેલર, ITIના આચાર્ય તેમજ ITI ના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# બળજબરીથી ધર્માંતરણ કરવું દેશ માટે સારું નથી, રાજસ્થાન સરકાર

નવીદિલ્હી,

રાજસ્થાન સરકારના સોગંદનામા પર, સુપ્રીમ કોર્ટે મંગળવારે (૧૯ જૂન, ૨૦૨૪) કહ્યું કે બળજબરીથી ધર્માંતરણ કરવું દેશ માટે સારું નથી. રાજસ્થાનની ભજનલાલ શર્મા સરકારે મંગળવારે (૧૯ જૂન, ૨૦૨૪) સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે રાજ્યમાં ગેરકાયદેસર માધ્યમથી ધર્મ પરિવર્તન વિરુદ્ધ કાયદો લાવવાની પ્રક્રિયામાં છે.'રાજસ્થાન પોતાનો કાયદો લાવવાની પ્રક્રિયામાં છે અને ત્યાં સુધી તે આ વિષય પર આ અદાલત દ્વારા પસાર કરવામાં આવેલા કાયદા, માર્ગદર્શિકા અથવા દિશાનિર્દેશોનું સખતપણે પાલન કરશે,' રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા તેના સોગંદનામામાં જણાવ્યું હતું. અધિક પોલીસ અધિક્ષક ભરત લાલ મીણાનું એફિડેવિટ વર્ષ ૨૦૨૨માં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર દાખલ કરવામાં આવી હતી.એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે એડવોકેટ અશ્વિની દુબે દ્વારા પીઆઈએલ દાખલ કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારોને "ધાકધમકી, ધમકી, પ્રલોભન અને નાણાકીય લાભ" દ્વારા કરવામાં આવતા કપટપૂર્ણ ધર્મ પરિવર્તન અને ધર્માંતરણને રોકવા માટે કડક પગલાં લેવા જણાવ્યું હતું.સુપ્રીમ કોર્ટે કહ્યું કે બળજબરીથી ધર્મ પરિવર્તન એ ગંભીર બાબત છે. આ આપણા સમાજ અને દેશની સુરક્ષાને અસર કરે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.254

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારે રાજગઢ પાલ્લા ગામે ભારત પેટ્રોલીયમ પંપ ઉપર ચેકીંગ કરી ડીઝલનો જથ્થો અને આઉટલેટ સીઝ કર્યો

ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ઘોઘંબા મામલતદારની ટીમ સાથે ઘોઘંબા તાલુકાના રાજગઢ (પાલ્લા) વિસ્તારમાં ભારત પેટ્રોલીયના પંપ ઉપર ચેકીંગ કરવામાં આવ્યું હતું. ડીઝલ આઉટલેટ પરથી ૫ લીટરના સરકારી માપીયામાં ૨૦૦મી.લી. ઓછું ડીઝલ તેમજ પ્રાથમિક સુવિધાના અભાવને લઈ ડીઝલનો જથ્થો તેમજ ડીઝલના ૩ આઉટલેટ સીલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી.પંચમહાલ જીલ્લા



પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા અને ઘોઘંબા મામલતદાર સહિતની ટીમ દ્વારા સંયુકત રીતે ઘોઘંબાના રાજગઢ (પાલ્લા) વિસ્તારમાં આવેલ ભારત પેટ્રોલીગમ કંપની સંચાલિત પેટ્રોલ પંપ માલિક મકરાણી આરીફ નવાઝમાં અલીના ત્યાં રેઈડ કરી હતી. ડીઝલ આઉટલેટ પરથી ૫ લીટર ના સરકારી માપીયામાં ડીઝલની માપણી કરાઈ હતી. જેમાં ૨૦૦ મીલી ડીઝલ ઓછું આવેલ હતું. તેમજ પેટ્રોલ પંપ ઉપર એરપંપ, પીવાના પાણીની તેમજ ગ્રાહકો માટે ટોયલેટ જેવી સુવિધા રાખવામાં આવેલ ન હોય તેમજ પેટ્રોલ પંપના આઉટલેટ પરથી ડીઝલનો ઓછો જથ્થો આપી ગંભીર ગેરરીતિ આચરતા હોય જેને લઈ ડીઝલનો ૫૯૮૫ લીટર કિંમત રૂા.૫,૪૦,૧૪૬/–નો જથ્થો જપ્ત કરી સીઝ કરવામાં આવ્યા. તેમજ પેટ્રોલ પંપની ડીઝલ ટાંકી અને ૩ ડીઝલના આઉટલેટ યુનિટ સીલ કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વેજલપુર ગ્રામ પંચાયતમાં સામન્ય સભાનો ફિયાસકો ગ્રામ પંચાયતના મુખ્ય અધિકારી ગેરહાજર રહેતા સામન્ય સભા રદ

- વેજલપુર ગ્રામ પંચાયતમાં સામાન્ય સભાનો ફિયાસકો.
- વેજલપુર ગ્રામ પંચાયત સામે કાર્યવાહી કરવા અધિકારીઓ પાસે સમય નથી.
- વેજલપુર ગ્રામ પંચાયતના સભ્યનો ફોન રિસીવ કરવાનો તાલુકા વિકાસ અધિકારી પાસે સમય નથી.

વેજલપુર,

કાલોલ તાલુકાની મુખ્ય ગણાતી ગ્રામ પંચાયત એટલે વેજલપુર ગ્રામ પંચાયત રોજે રોજ અનેક વિવાદોમાં જેનું મુખ્ય કારણ જીલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી કુંભકર્ણની નિદ્રામાં કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત માં સામાન્ય સભાનો એજન્ડો ફેરવી તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ સામાન્ય સભા યોજવાની હોવાથી વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સભ્યો હાજર રહયા હતા અને મુખ્ય અધિકારી એવા તલાટી ક્રમ મંત્રી ગેરહાજર રહેતા ગ્રામ પંચાયત સભ્ય દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો અને તલાટી ક્રમ મંત્રી ને અવાર નવાર ટેલિફોનિક સંપર્ક કરતા તલાટી ક્રમ મંત્રી દ્વારા સભ્યનો ફોન રિસીવ કરવામાં આવ્યો ન હતો. જેથી તાલુકા વિકાસ અધિકારીને પણ સભ્ય દ્વારા ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી તાલુકા વિકાસ અધિકારીએ પણ ગ્રામ પંચાયત સભ્ય દ્વારા અનેક ફોન કરવા છતાં ફોન રિસીવ કર્યો ન હતો. જેથી તાલુકા વિકાસ અધિકારી એ પોતાની ફરજમાં બેદરકારી દાખવી હોવાથી સભ્ય ને સંતોષ ન થતા અને સામાન્ય સભાનો ફિયાસકો થતા સામાન્ય સભા રદ કરવામાં આવી હતી. જેથી તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયત તલાટી ક્રમ મંત્રી ઉપર અનેક પ્રકારના સવાલો ઉઠ્યા હતા. તો બીજી તરફ વેજલપુર ગ્રામ પંચાયત માં ગામના આવતા અરજદારોને ઘર્મના ધક્કા ખાવા પડે છે.

# હાલોલ તાલુકાના જુના ઢીંકવા ગામે કાચા મકાનમાં પતરા લગાડવા બાબતે પિતા-પુત્ર વચ્ચે તકરારમાં પિતાએ પુત્રને ધારદાર હથિયાર વડે હત્યા કરી

હાલોલ,

હાલોલ તાલુકાના જુના ઢીંકવા ગામ કાચા મકાનમાં ચોમાસાની સીઝનને લઈ ગેલ્વેનાઈઝ પતરા નાખવા બાબતે પિતા પોતાના પુત્ર સાથે ઝગડો તકરાર થયેલ હતી અને પછી રાત્રીના સમયે પિતાએ ફરીથી પુત્ર સાથે ઝગડો કરી હાથમાં રાખેલ ધારદાર હથિયાર છાતીના ભાગે મારી પુત્રની હત્યા કરી નાખતાં ચકચાર મચી જવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ તાલુકાના જુના ઢીંકવા ગામે રહેતા ઠાકોરસિંહ પરમારનો નાનો પુત્ર નિલેશ જે માતા–પિતા સાથે રહેતા હોય ખેતી કામ કરી ઘરની જવાબદારી સંભાળતો હતો. ચોમાસું નજીક હોવાથી પોતાના કાચા નળીયાવાળા ઘરમાં ગેલ્વેનાઈઝના પતરા નાખવા માટે ૨૫ હજારમાં પતરા લાવીને મુકયા હતા. જે પતરા લગાવવા બાબતે પિતા અને પુત્ર નિલેશ વચ્ચે ખેતરમાં તકરાર થયેલ હતી અને રાત્રીના ૧૦ વાગ્યાના સમયે પિતા ઠાકોરસિંહ પુત્ર સાથે ઝગડો કર્યો હતો અને પુત્ર નિલેશને છાતીના ભાગે ધારદાર હથિયાર મારી દેતાં નિલેશને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું હતું અને પુત્રની હત્યા બાદ પિતા પાવાગઢ પોલીસ મથકે હાજર થયો હતો ગામના અગ્રણીઓ દ્વારા પોલીસને જાણ કરતા ૧૦૮ અને પોલીસ પહોંચી મૃતદેહને પી.એમ.અર્થે હાલોલ ખસેડવામાં આવ્યો.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અંતર્ગત કલરવ સ્કૂલ ગોધરા ખાતે એમ.જી.મોટર હાલોલ દ્વારા બહેનો માટે ભરતી મેળો યોજાયો



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી અંતર્ગત શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર અને કલરવ સ્કૂલ ગોધરા તથા એમ.જી. મોટર હાલોલના સંયુક્ત ઉપક્રમે બહેનો માટેનો ભરતી મેળો યોજવામાં આવ્યો હતો. આ ભરતી કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ ડો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલપતિ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા, મુખ્ય અતિથિ વિશેષ ડો .અનિલભાઈ સોલંકી, કુલ સચિવ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા તથા અતિથિ વિશે ડો. અજયભાઈ સોની, મીડિયા સેલ કન્વીનર એસ.જી.જી.યુ તેમજ કલરવ સ્કૂલના આચાર્ય જયેશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ ભરતી મેળામાં કુલ ૧૯૮ બેનોએ ભાગ લીધો હતો. જેમાંથી ૬૦ બેનોની પસંદગી કરવામાં આવી હતી. ભરતી મેળામાં એમ.જી. મોટર માંથી એચ.આર. મેનેજર તપનભાઈ રાવલ તથા એચ.આર.માંથી મનિષાબેન તેમ જ આઠ વ્યક્તિની મેડિકલ ટીમ દ્વારા ભરતીની પ્રક્રિયા કરવામાં આવી હતી. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેરના સભ્ય ડો. દક્ષાબેન પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેમજ ટ્રાયબલ ચેરના સભ્ય ડો.સુરેશભાઈ પટેલ અને ડો. સાબતસિંહ પટેલે જોબ પ્લેસમેન્ટ અંગેની કામગીરી કરી હતી. શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઇબલ ચેરના કો–ઓર્ડીનેટર ડો.મહેશ રાઠવાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સ્કૂલના આચાર્ય આદરણીય જયેશભાઈ પટેલે મુખ્ય અતિથિ વિશેષ તરીકે હાજર રહીને આશિર વચનો આપ્યા હતા. ડો.સુરેશ પટેલે કાર્યક્રમની આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમ સફળ થવા બદલ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણે અભિનંદન અને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોધરા તાલુકાના ટીંબા ગામ પાસે ઓવરલોડ બ્લેક ટ્રેપ ભરેલ ૩ ટ્રક સહિત ૩ ઈસમોને ખાણ-ખનિજ વિભાગે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબા ગામે આવેલ ગોઠડા પાસેથી ત્રણ ટ્રકમાં ગેરકાયદેસર રીતે ઓવરલોડ બ્લેક ટ્રેપ ભરીને પસાર થઈ રહી છે. તેવી બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગે રેઈડ કરી બ્લેક ટ્રેપ ભરેલ ૩ કિંમત ૧.૫૦ કરોડના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગને બાતમી મળી હતી કે, ગોધરા તાલુકાના ટીંબા ગામે ગોઠડા પાસેથી ૩ ટ્રકમાં રાત્રીના સમયે ગેરકાયદેસર રીતે ઓવરલોડ બ્લેક ટ્રેપ ભરીને ત્રણ ટ્રક પસાર થઈ રહી છે. બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગાની ટીમે રેઈડ કરી બ્લેટ ટ્રેપ ભરેલ ત્રણ ટ્રક કિંમત ૧.૫૦ કરોડના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ–ખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવેલ ત્રણ વાહનો ટીંબા ખાતે સીઝ કરવામાં આવ્યા. જેને લઈ ઓવરલોડ ખનિજ વહન કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# ઘોઘંબાના બાકરોલ-કદવાલ જતા રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટમાં લઈ મોત નિપજાવ્યું

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના બાકરોલ થી કદવાલ જતા રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી ચાલતા જતા ૩૦ વર્ષીય રાહદારીને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના બાકરોલ થી કદવાલ જવાના રોડ ઉપરથી પસાર થતાં અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ચાલતા જતા રાહદારી અજયભાઈ લક્ષ્મણભાઈ બારીયા ઉ.વ.૩૦ (વડાતળાવ–હાલોલ)ને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થળે મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# હાલોલ કોર્ટમાં નારકોટીસ ગુનામાં રજુ કરી મધ્યપ્રદેશ પોલીસ આરોપીને મન્સોર લઈ જતી વખતે આરોપી સાથે પાવાગઢ દર્શન માટે જતાં આરોપી ચકમો આપી નાશી છુટીયો

હાલોલ,

પંચમહાલ રાજગઢ પોલીસ મથકના ૨૦૨૨ના નારકોટીસ ગુનામાં આરોપી વોન્ટેડ હતો. આરોપી મન્સોર (એમ.પી.)માં હત્યાના ગુનામાં ધરપકડ કરાઈ હતી. તે આરોપીને ટ્રાન્સફર વોરંટથી હાલોલ કોર્ટમાં રજુ કરવા માટે લાવવામાં અખાવ્યો હતો. કોર્ટમાં રજુ કરી આરોપીને લઈ એમ.પી. પોલીસ પરત ફરતી વખતે રોપ–વેમાં બેસવા જતાં પોલીસને ચકમો આપી આરોપી દર્શનાર્થીઓની ભીડમાં નાશી છુટીયો હતો. એમ.પી. પોલીસની બેદરકારીમાં આવી જાપ્તા માંથી નાશી છુટતાં પંચમહાલ પોલીસ જાણ કરાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ પંચમહાલના રાજગઢ પોલીસ મથક નારકોટીસના ૨૦૨૨ના ગુનાના આરોપી દશરથ ઓમપ્રકાશ જાટ વોન્ટેડ આરોપી હતો. મધ્યપ્રદેશના મન્સોર પોલીસ હત્યાના ગુનામાં ધરપકડ કરવામાં આવેલ હોય જેને રાજગઢ પોલીસે ટ્રાન્સફર વોરંટથી બે મહિના પહેલા લાવીને કોર્ટમાં રજુ કર્યો હતો. આ કેશ હાલોલ કોર્ટમાં ચાલી જતાં એમ.પી.ના મન્સોર જેલ માંથી ચાર પોલીસ કર્મચારીઓ સુશીલ રાધાકિશન યાદવ, નરેન્દ્ર છોટેલાલ પવાર, મધુસુદન રામપ્રસાદજી ચૌહાણ, શિવ નારાયણ પ્રભુલાલ માલી આરોપીને મધ્યપ્રદેશ લઈ જતા હતા. પોલીસ કર્મીને પાવાગઢ મહાકાળી માતાજીના દર્શનની ઈચ્છા થતાં આરોપીને મધ્યપ્રદેશ લઈ જવાના સ્થાને પાવાગઢ ડુંગર ઉપર દર્શન માટે પહોંચ્યા હતા. બપોરના સમયે માતાજીના દર્શન કરી નીચે ઉતરવા માટે રોપ વેમાં બેસવા માટે જતા હતા. ત્યારે એમ.પી.પોલીસના ચાર પોલીસ કર્મીઓના જાપ્તા માંથી આરોપી દશરથ જાટ દર્શનાર્થીઓની ભીડનો લાભ લઈને પોલીસને ચકમો આપી નાશી છુટતાં આ બાબતે એમ.પી.પોલીસ દ્વારા પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી.

# જાંબુઘોડા-પાવાગઢ રોડ મલબાર પાસે ગૌ-તસ્કરની વર્નાકાર પલ્ટી જતાં ગૌ-તસ્કર અને એક ગૌવંશનું મોત

જાંબુઘોડા,

જાંબુઘોડા–પાવાગઢ રોડ ઉપરથી રાત્રીના સમયે વર્ના કારમાં ગૌવંશની ચોરી કરીને મલબાર પાસેથી પસાર થઈ રહી હોય ત્યારે કાર પલ્ટી ખાઈને રોડ સાઈડમાં ખાબકતા ગોધરાના ગૌ–તસ્કર અને ૧ ગૌવંશનું મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માતની જાણ થતાં જાંબુઘોડા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગેરકાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા વિસ્તાર માંથી ગૌવંશ ચોરીના બનાવો પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે જાંબુઘોડા–પાવાગઢ રોડ ઉપર વર્નાકારમાં ત્રણ ગૌવંશની ચોરી કરી દયનિય રીતે કારની પાછળની સીટમાં ભરીને મલબાર પાસેથી ગૌ–તસ્કર પસાર થઈ રહ્યા હોય તે દરમિયાન વર્નાકાર પલ્ટી ખાઈને રોડ સાઈડમાં ખાબકી હતી. જેને લઈ વર્નાકારમાં લઈ જવાતા ૩ ગૌવંશ પૈકી ૧ ગૌવંશનું મોત તેમજ ગૌ–તસ્કરનું પણ મોત નિપજાવા પામ્યું હતું. મલબાર પાસે થયેલ અકસ્માતની જાણ જાંબુઘોડા પોલીસને જતાં ઘટના સ્થળે પહોંચીને તપાસ કરતાં વર્નાકારમાં ગૌવંશની ચોરી કરી લઈ જતાં ગૌ–તસ્કર મૃતદેહ તેમજ ૧ ગૌવંશ મૃત હાલતમાં તેમજ બે જીવિત હાલતમાં ગૌવંશ મળી આવેલ હતા. ઈજાગ્રસ્ત ગૌવંશ બચાવીને સારવાર કરાવી હતી. જ્યારે મૃતક ગૌ–તસ્કરના મૃતદેહ જાંબુઘોડા સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યો. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથક પશુ સંરક્ષણ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોધરા તાલુકાના થાણા ગર્જનના પ્રોહિબીશન ગુનાના આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના થાણા ગર્જન ગામેથી પકડાયેલ ઈંગ્લીશ દારૂના ગુનાના આરોપી દ્વારા રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં મુકવામાં આવી હતી. જામીન અરજી મુખ્ય સેશન્સ જજની કોર્ટમાં ચાલતા સરકારી વકિલની દલીલોને ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરાઈગોધરા તાલુકાના થાણા ગર્જન ગામે રહેતા આરોપી સંજયકુમાર સામંતભાઈ પટેલ અને તેની સાથેના ઈસમ તથા અશોક લેલન્ડ ટ્રકના ચાલકની ટ્રક માંથી ઈંગ્લીશ દારૂના કવાટરીયા પેટીઓ નંગ–૯૯૦ કિંમત ૪૭,૫૨,૦૦૦/– ટ્રક તેમજ અનય ચીજવસ્તુઓ મળી કુલ ૫૭,૫૩,૧૦૦/–રૂપીયાના મુદ્દામાલ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી નાશી છુટીયા હતા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધાયેલ હતા. આરોપીઓની અટક કરી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. આરોપી સંજયકુમાર સામંતસિંહ પટેલ (થાણા ગર્જન) દ્વારા ગોધરા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી મુકવામાં આવી હતી. આ જામીન અરજી જીલ્લા મુખ્ય સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો કરતાં દલીલોને ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરાઈ.

# મોરવા(હ) તાલુકમાં સગીરાનું શારીરિક શોષણના ગુનાના ખાનપુરના આરોપીની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાની સગીરાને પટાવી ફોસલાવી શારીરિક શોષણ કરવાના ગુનામાં આરોપીને ઝડપી પાડી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ હોય તે આરોપી દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી નામંજુર કરાઈ.

મોરવા(હ) તાલુકાના ખાનપુરના આરોપીએ સગીરાને પટાવી ફોસલાવી તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરેલ હોય અને આરોપી વિજયભાઈ સાલમભાઈ સંગાડાએ તેને પત્ની તરીકે રાખવાની છે. તેમ કહી કુવાઝર ત્રણ રસ્તા પાસે લઈ ગયેલ અન્ય બે આરોપીની મદદગારી આરોપીએ સગીરાને અંબાજી થી આગળ સ્કુલના બાંધકામ ચાલતું હોય ત્યાં લઈ જઈ શારીરિક શોષણ કરેલ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આરોપીને ઝડપી પાડવામાં આવેલ હોય અને હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોય આરોપી વિજય સાલમભાઈ સંગાડાએ રેગ્યુલર જામીન અરજી કોર્ટમાં કરેલ હોય પંચમહાલ જીલ્લા ચોથા એડીશનલ સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં સુનાવણી હાથ ધરતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોર દ્વારા વિગતવાર દલીલો રજુ કરતાં આરોપીની જામીન અરજી નામંજુર કરાઈ.

# આત્મા પ્રોજેક્ટ દ્વારા પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકામાં પ્રાકૃતિક ખેતી માટે તાલીમ યોજાઈ

ગોધરા,

પ્રાકૃતિક ખેતીથી જમીન, પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન સાથે જન આરોગ્યની સુખાકારી થાય છે અને ખેડૂતોને ખેતીનો ખર્ચ પણ ઘટે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં પ્રાકૃતિક ખેતીની ઝૂંબેશ ચાલી રહી છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત આત્મા પ્રોજેકટ, પંચમહાલ દ્વારા પ્રાકૃતિક ખેતી માટે ઘોઘંબા તાલુકામાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



પંચમહાલના ઘોઘંબા તાલુકામાં આજે યોજાયેલી આ તાલીમમાં આત્મા પ્રોજેકટના અધિકારીઓ દ્વારા ૨૦૦ થી વધારે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ઘન જીવામૃત, બીજામૃત તેમજ વિવિધ રોગનાશક અસ્ત્રોનું નિદર્શન પણ યોજવામાં આવ્યું હતું. તાલીમનો મુખ્ય હેતુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે સમજણ આપવા ઉપરાંત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, ખેડૂતોએ ધ્યાનમાં રાખવા જેવી બાબતો અને ખેતી કેવી રીતે કરવી, તેની વિશેષ સમજણ આપવાનો હતો.

આ તાલીમમાં બાગાયત અધિકારીશ્રી ચંદન પટેલિયાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવીને ઓછા ખર્ચે વધુમાં વધુ નફો મેળવવા તેમજ પર્યાવરણનું જતન કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનો સંતોષકારક જવાબો પણ આપ્યા હતા. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ માટે હાંકલ કરવામાં કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જીલ્લા સંયોજક અજીતભાઈએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં જોડાઈને સમૃદ્ધ ખેતી થકી દેશને આગળ વધારવા માટે અપીલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી ખુશીનો માર્ગ ખોલનારી ગણાવી સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયઃની ભાવનાને સાકાર કરનારી કહી હતી.

આ તાલીમમાં ખેડૂતો ઉપરાંત જીલ્લા સહ સંયોજક, તાલુકા સંયોજક, આત્મા પ્રોજેકટનો સ્ટાફ તેમજ સ્થાનિક અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજગઢ વન વિભાગની બેદરકારી રેસ્કયુ કરાયેલા દીપડા નું શંકાસ્પદ મોતઃ વન વિભાગે અંદરખાને વિધિ પતાવી

ઘોઘંબા

પરોલી ગામેથી રેસક્યુ કરીને બચાવેલા દોઢ વર્ષના દીપડાના બચ્ચાંનું શંકાસ્પદ મોત વન વિભાગ દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોવાની લોકચર્ચા દીપડાના મોતની વાત દબાવી રાખી અંદરખાને અગ્નિસંસ્કાર ની વિધિ પતાવી દીધી વન વિભાગની નિષ્કાળજીના કારણે દીપડાના બચ્ચા નું મૃત્યુ થયું હોવાની વાત વહેતી થઈ ઘોઘંબા તાલુકાના પરોલી ગામે કરાડ નદીના કિનારે આવેલ ખેતરમાં દીપડો તારની વાડમાં ફસાયેલો હોવાની માહિતી રાજગઢ વન વિભાગને મળતા વન



વિભાગ બનાવના સ્થળે પહોંચી દીપડાને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. રેસક્યૂ દરમિયાન દીપડાના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન દેખાયા ન હતા. વન વિભાગની કચેરીએ પહોંચ્યા બાદ થોડા કલાકોમાં ખબર આવી કેદીપડો મૃત્યુ પામ્યો છે દીપડાના મૃત્યુ પાછળ રાજગઢ વન વિભાગની નિષ્કાળજી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે વન વિભાગની કચેરીમાં લાવ્યા બાદ દીપડા માટે ખોરાક –પાણીની વ્યવસ્થા તેમજ શારીરિક તપાસ કરવામાં તંત્રએ બેદરકારી દાખવી હોવાની ચર્ચાઓ સાંભળવા મળી હતી. આ બાબતે વન વિભાગને પૂછતા વન વિભાગ મીડિયા સાથે ચર્ચા કરવાથી દૂર રહ્યું હતું તો અમુક કર્મચારીઓએ બચ્ચાને આઘાત લાગ્યો હોવાનું જણાવ્યું તો કોઈકે તરસને કારણે દીપડાનું મૃત્યુ થવા હોવાની ઉડતી વાત કરી હતી.

જો રાજગઢ વન વિભાગ સાચું હોય તો. તેમણે આ વાત જાહેર કેમ ના કરી ? મૃત્યુ બાદ દીપડાના બચ્ચાને અંદરખાને અગ્નિ સંસ્કાર કરી સમગ્ર ઘટના ઉપર પડદો પાડવામાં આવ્યો હતો. વન વિભાગે આ બાબતની ગંભીરતા થી કાળજી લીધી હોત તો દીપડાનું મોત થયું ન હોતમ મૃત્યુ બાદ દીપડાનુ ડ:ખ કરવામાં આવ્યું છે ખરું? તે પણ એક સવાલ છે સાજાસમા દીપડાના મૃત્યુની વાત મીડિયાથી કેમ છુપાવવામાં આવી? આ બાબતની ન્યાયિક તપાસ થવી જ જોઈયે તેવું જીવદયામાં માનતા લોકોનુ કહેવુ છે.